**સુવિચાર**
"જેમ બધા જ રસ્તાઓમાં તકલીફ હોવાની, એમ બધી જ તકલીફોનાં રસ્તા પણ હોવાના જ."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૧૧/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૮ વર્ષ : ૧૬ અંક : ૨૭૯

### રખડૂ શ્વાનથી લઈને વાહન અકસ્માતનો સતત ભય

# રહેણાંક ગલીઓથી લઇને હાઇ-વે માં જનતા અસુરક્ષિત

**જનતા સરકારી કરવેરા ભરી-ભરીને આર્થિક મુશ્કેલીમાં અને બદલામાં જીંદગીની સુરક્ષા મળતી નથી**

**બિસ્માર માર્ગો, રખડતા પશુઓ, ગંદકી, જાહેર માર્ગો ઉપર દબાણ સહિતની અનેક સમસ્યાઓ વધારામાં**

**લાખો કરોડો, રૂપિયાના કરવેરા ઉઘરાવતી રાજય કે કેન્દ્ર સરકારની કાંઈ જવાબદારી હોય કે નહી**

**દેશમાં સસ્તુ કાંઈ હોય તો દેશવાસીઓની જીંદગી હોય તેવું દ્રશ્ય ઉપસી રહ્યું છે**


અમરેલી, તા. ૧૧
અમરેલી જિલ્લા સહિત દેશભરની ૧૪૦ કરોડ કરતા વધારે જનતાસવારથીરાત્રિનાસુવેત્યાંસુધીજે જેચીજ-વસ્તુઓનીખરીદીકરેછે.તેના ઉપર પરોક્ષરીતે સરકારને કરવેરો ભરે તો લાખો નાગરિકો આવક વેરા ભરીને દર વર્ષે રાજય અને કેન્દ્ર સરકારની તિજોરીનાણાથીછલોછલકરીરહીછે. અનેબદલામાંતમેનેકોઈપણજાતની

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લાનાં માર્ગો ઉપર અકસ્માત નિવારવા જરૂરી

## બાબરાનાં કોટડાપીઠા અને વાવડા માર્ગ ઉપર બોલેરો અને બાઈક અથડાતા યુવકનુ મોત

**યુવકનું મોત થતાં વાવડા ગામમાં શોકનો માહોલ**



બાબરા, તા. ૧૧
બાબરા તાલુકાના વાવડાના કોટડાપીઠા માર્ગ વચ્ચે સવારે એક બોલેરો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક

અનુસંધાન પાના ૬ ઉપર

### વજન ઘટતુ ન હોય મનમાં લાગી આવ્યુ

## રાજુલાનાં આધેડે વજન ઘટતુ ન હોવાથી ઝેરી દવા પી લેતા મોત

**વજન વધારો એ પણ ચિંતાજનક બન્યો**

અમરેલી,તા. ૧૧
રાજુલા ગામે આવેલ જુની કડીયાળી રોડ રહેતા જલ્પાબેન વિનોદભાઈ પરમાર નામના ૫૦ વર્ષીય મહિલા છેલ્લા ત્રણેક વર્ષથી વજન ઘટાડવાનીદવાલેતાહોય,પરંતુવજનઘટતુ નહોયઆથીતેણીનેમનમાંલાગીઆવતા ગત તા. ૧૦ના રોજ ૧૧ વાગ્યે તેમના રહેણાંક મકાને ઝેરી દવા પી જતા તેણીનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાંજાહેરથતાપોલીસેબનાવઅંગે કાયદેસરકાર્યવાહીહાથધરેલછે.

### અજાણ્યા વ્યક્તિએ કર્યુ કારસ્તાન

## રાજુલામાં ધોળે દિ'એ એકી સાથે 3 મહિલા પાસેની રૂપિયા લુંટવાનો પ્રયાસ

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૧
રાજુલામાં પંચોળી જ્ઞાતીની વાડીની બાજુમાં રહેતા અને માટલા વેચવાનો વ્યવસાય કરતા કાંતાબેન ચકુરભાઈ ટાંક નામની મહિલા ગત તા. ૧૦ના બપોરના આશરે પોણા ત્રણેક વાગ્યાની આસપાસ મોહન ટાવરની બાજુમાં આવેલ સરકારી હોસ્પિટલની

અનુસંધાન પાના ૬ ઉપર

### દિલ્હીમાં થયેલ બ્લાસ્ટને અનુલક્ષીને

## અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે

**નેશનલ હાઈવે પરથી પસાર થતાં વાહનોની ચકાસણી શરૂ**





અમરેલી, તા. ૧૧
ગઈકાલે મોડી સાંજે દિલ્હીમાંથયેલાબ્લાસ્ટમાંઅનેકલોકોના મોતનિપજતાતેનાઅનુસંધાનેગુજરાત રાજયમાં ગૃહ વિભાગ દ્વારા રાજયમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જેને લઈ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ સહિતના મહાનગરો તથા ધાર્મિક સ્થળો ધરાવતા શહેરોમાં પોલીસ દ્વારા રેલ્વે સ્ટેશનોઅનેભીડભાડવાળાવિસ્તારોમાં સુરક્ષાવ્યવસ્થા વધારે કડક કરી દેવામાં।

અનુસંધાન પાના ૬ ઉપર

### ઓઢેલી ચુંદડીનો છેડો થ્રેસરમાં ફસાઈ ગયો

## ખાંભાનાં ભાડા ગામે શ્રમિક મહિલાનું માથુ થ્રેસરમાં આવી જવાથી મોત થયુ

**સ્થાનિક પોલીસમાં સતાવાર જાહેર થયુ**

અમરેલી, તા. ૧૧
દાહોદનાં વતની અને હાલ ખાંભાના ભાડ ગામે આવેલ સુનીલભાઈ ગોરધનભાઈ સાવલીયાની વાડીએ રહેતી ઉંધલીબેન કલ્પેશભાઈ નાયક નામની

અનુસંધાન પાના ૬ ઉપર

### બેન્કનાં ડિરેકટર પી.પી. સોજીત્રાની સુચનાથી

## અમરેલી નાગરિક બેન્કનાં અર્ધો ડઝન બાકીદાર વિરૂધ્ધ ચેક રીટર્નની ફરિયાદ

**બેન્કનાં અનિયમિત બાકીદારોમાં ફફડાડ ફેલાયો**

અમરેલી, તા. ૧૧
અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી બેંકની લોનના હપ્તા નિયમિત નહી ભરનાર, (૧) પ્રતિકભાઈ અરવિંદભાઈ ભાલાળા, રહે. ફુલવાડી પ્લોટ, જશવંતગઢ, મુ. ચિત્તલ રૂા. ૪૫,૦૦૦/- (૨) ભરતભાઈ ખોડાભાઈ ભુવા, રહે. પટેલ કન્યા છાત્રાલય પાછળ, મું. મોટા લીલીયા રૂા. ૯૫,૦૦૦/- (૩) વિજયભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ADMISSION OPEN
NCT
NETRA CHIKITSA TRUST SCHOOL OF NURSING AMRELI
• GNM NURSING
• ANM NURSING
Open Registration 2025-2026
સરકારી નોકરીમાં ઉજ્જવળ તક આપતા કોર્ષ
સુવિધા
SC/ST ના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપની સુવિધા
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
સ્થળ
NCT કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી
વધુ માહિતી માટે સંપર્ક કરો
૭૯૮૪૬૯૧૨૨૭
સમય : ૯ થી ૫

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સીંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સીંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

## કોંગ્રેસ કાર્યકર્તાઓએ જનતા પાસેથી મેળવેલ સહીઓ દિલ્હી ખાતે રવાના કરી

# રાજયમાં ''વોટ ચોર - ગાદી છોડ'' સહી ઝુંબેશ અને મીસ્ડકોલ અભિયાનને પ્રચંડ સમર્થન

**વોટ ચોરી થકી ચુંટણીઓ જીતી ભાજપે દેશમાં લોકશાહી ખતમ થઈ જાય તેવા સંજોગો ઉભા કર્યા છે : ચૌધરી**

**કોંગ્રેસનાં કાર્યતાઓએ જનતા સુધી પહોંચીને મતદાતાઓને સંવિધાનીક અધિકારો અંગે જાગૃત કર્યા : વાસનિક**

**રાજયના ૭.૫૦ લાખ કરતા વધુ નાગરિકોએ અભિયાનને સમર્થન જાહેર કર્યુ : અમિત ચાવડા**

**સહીનાં કાગળને રવાના કરવાના કાર્યક્રમમાં કોંગી આગેવાનો ઉપસ્થિત રહ્યા**





અમરેલી, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા 'વોટ ચોર– ગાદી છોડ' મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મીસ્ડ કોલ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતમાં જન–જન સુધી પહોંચીને મતદાતાઓને સંવિધાનિક અધિકાર અંગે જાગૃત કરવામાં આવ્યાં હતાં. સંગઠન પ્રભારી અને એ.આઈ. સી.સી.ના મહામંત્રીશ્રી મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડા. તુષારભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ સમગ્ર ગુજરાતના નાગરિકો પાસે સમર્થનમાં મેળવેલ સહી રૂપી ફોર્મ વાહન દ્વારા કોંગ્રેસના મુખ્ય કાર્યાલય દિલ્હી ખાતે ફલેગઓફ કરીને રવાના કરવામાં આવ્યાં હતાં.

સંગઠન પ્રભારી અને એ.આઈ.સી.સી.ના મહામંત્રી મુકુલ વાસનિકએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૩ ઓકટોબર થી લઈને ૧૦ ઓકટોબર સુધી 'વોટ ચોર– ગાદી છોડ' મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મીસ્ડ કોલ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતમાં જન– જન સુધી પહોંચીને મતદાતા ઓને સંવિધાનિક અધિકાર અંગે જાગૃત કરવા જાહેર જનતાને તેમના સંવિધાનીક અધિકારો અને કઈ રીતે વોટ ચોરી થાય છે તે બાબતે માહિતગાર કરવામાં આવ્યાં હતાં અને સમગ્ર ગુજરાતના નાગરિકોને અભૂતપૂર્વ પ્રતિસાદ આપેલ છે.

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જે રીતે શ્રી રાહુલ ગાંધીજીના નેતૃત્વમાં આખા દેશમાં વોટ ચોરીનું જે ષડયંત્ર ચાલતું હતું તેને સાબિતી સાથે ખુલ્લુ પાડવામાં આવ્યું છે. જે રીતે ભાજપ સરકારમાં બેઠેલા લોકો ચૂંટણી પંચનો દુરપયોગ કરી અને વોટ ચોરી કરીને ચૂંટણીઓ જીતી રહ્યાં છે એની સામે આખા દેશમાં લોકો રસ્તા પર ઉતરીને આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે. લોકશાહી વ્યવસ્થામાં આપણને સેને એટલે કે દરેક ભારતીયને સંવિધાને મતનો અધિકાર આપ્યો છે. દેશના બંધારણે સમાનતાના અધિકારના ભાગસ્વરૂપ એક વ્યકિએક વોટનો અધિકાર આપેલો છે. દેશના વડાપ્રધાન હોય કે રાષ્ટ્રપતિ હોય કે પછી સામાન્ય નાગરિક હોય તે દરેકના મતની કિંમત સમાન છે. દેશના લોકોના બંધારણના અધિકાર છીનવવા માટે પારંગત એવી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એના શાસનમાં જે ચૂંટણી પંચ સ્વાયત છે જેની પાસે આ દેશના લોકો પ્રમાણિકતા અને નિષ્પક્ષતાની અપેક્ષા રાખે છે એ ચૂંટણી પંચ આજે ભારતીય જનતા પાર્ટીની કઠપુતળી બની ગઈ છે. વોટ ચોરીથી લોકોના અધિકારો તો છીનવાઈ રહ્યાં જ છે પરંતુ તેમની ઓળખ પણ છીનવાઈ રહી છે.

'વોટ ચોર – ગાદી છોડ' સહી ઝુંબેશ તથા મીસ્ડકોલ અભિયાનને ગુજરાત ભરમાં પ્રચંડ પ્રતિસાદ મળેલ છે, મિસ્ડકોલ અભિયાન દ્વારા આજદિન સુધીના ડેટા પ્રમાણે ૭.૫૦ લાખ નાગરિકોએ પોતાનું સમર્થન જાહેર કર્યુ છે. સાથેસાથે સહી ઝુંબેશ દ્વારા કોંગ્રેસના કાર્યકર્તાઓએ સમગ્ર ગુજરાતના નાગરિકો પાસે લાખોની સંખ્યામાં સમર્થનમાં મેળવેલ સહી કરેલ છે. તે બદલ પ્રદેશ કોંગ્રેસ સમગ્ર ગુજરાતની જાગૃત જનતાનો આભાર માને છે. ગુજરાત સહિત દેશના સમગ્ર રાજયોમાંથી પાંચ કરોડથી વધારે સમર્થન રૂપી લોકશાહી બચાવવા ચૂંટણી પંચ તથા મહામહિમ રાષ્ટ્રપતિ પાસે કોંગ્રેસનું શીર્ષ નેતૃત્વ જઈ અને લોકશાહી બચાવવાની લડાઈ રૂપે આ સહીઓ તેમને સુપ્રત કરવામાં આવશે. દેશમાં લોકશાહી બચાવવા માટે અને સંવિધાનોની રક્ષા માટે કોંગ્રેસનો એક–એક કાર્યકર વોટરક્ષક બનીને પોતાની ફરજ બજાવવા કટિબપ્રધ છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, દેશમાં લોકશાહી ખતમ થઈ જાય તેવા સંજોગો ઉભા થયા છે. વોટ ચોરીથી ચૂંટણીઓ જીતી જવાય છે એટલા માટે ગુજરાત હોય કે દેશની સરકાર હોય પ્રજા એકબાજુ મોંઘવારીથી પરેશાન છે, યુવાઓને રોજગાર નથી મળતો, ખેડૂતો આર્થિક રીતે પાયમાલ છે, વેપારીઓના ધંધા–વેપાર ચોપટ થઈ ગયા છે, ગરીબ–સામાન્ય માણસને કોઈપણ અધિકાર કેન્યાય નથી મળતો, બધા જ વર્ગ–વિસ્તારના લોકો પરેશાન છે. પણ સરકાર બિંદાસ છે કારણ કે સરકારને ખબર છે કે ભલે લોકો ગમે તેટલા નારાજ હોય પણ ચૂંટણીઓ આવશે એટલે અમે વોટ ચોરી કરીશું, ચૂંટણીઓ આવશે એટલે અમે ચૂંટણી પંચને સાથે રાખીને અમે વોટ ચોરી કરી ચૂંટણીઓ જીતી જઈશું. ભલે લોકો ખાડામાં પડે, ભલે લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડે, ભરે પેપર ફુટે, ભલે યુવાનોને નોકરીઓના મળે, કર્મચારીઓ આંદોલન કરે, કામદારો પરેશાન હોય પણ સરકારનો કોઈની ચિંતા નથી કારણ કે સરકારમાં બેઠેલા લોકો આ વોટચોરી સાથે સીધા સંડોવાયેલા છે. રાજીવ ગાંધી ભવન ખાતે સહી ઝુંબેશ દ્વારા એકઠા કરાયેલા ફોર્મ કોંગ્રેસના મુખ્ય કાર્યાલય દિલ્હી ખાતે ફલેગઓફ કરીને રવાના કરવાના કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા શહેર–જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, એન.એસ.યુ.આઈ., યુથ કોંગ્રેસ તથા સોશીયલ મીડીયાના કાર્યકર્તાઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

## લીલીયા તાલુકાના આંબા ગામમાં ઉદ્યોગપતિઓએ પાક નુકસાન ભોગવનાર મજૂરોને આપી લાખો રૂપિયાની સહાય




અમરેલી, તા. ૧૧

લીલીયા તાલુકાના આંબા [illegible]પતિઓએ માનવતાનો [illegible] પૂરૂ પાડયો છે. આંબા ગામના જાણીતા ઉદ્યોગપતિ સુરેશભાઈ બાલુભાઈ રૂપારેલીયાએ તેમના ખેતરમાં કામ કરતા મજૂરોને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે રૂા. ૧,૧૧,૦૦૦ ની સહાય આપી છે. છેલ્લા કેટલાક દિવસોમાં વિસ્તારમા પડેલા કમોસમી વરસાદ અને અતિભારે માવઠાને કારણે ખેતરનો પાક સંપૂર્ણરીતે બગડી ગયો હતો. જેના કારણે નાના મજૂર અને ખેડૂત પરિવાર પર આર્થિક સંકટ તણાયું હતું.

સુરેશભાઈ રૂપારેલીયાએ જણાવ્યું હતું કે, આ મજૂરો વર્ષોથી અમારૂ ખેતર સંભાળે છે. પાક બગડયો એટલે એ લોકોના ઘરમાં દીવો બુઝાયો છે. તેઓ માટે કંઈક કરવું એ આપણું માનવીય કર્તવ્ય છે.

તે જ રીતે ગામના બીજા ઉદ્યોગપતિ ચંદુભાઈ બાવચંદભાઈ રૂપારેલીયાએ પણ સામાજિક જવાબદારી નિભાવીને રૂા. ૧,૧૧,૦૦૦ ની સહાય આપી છે. બંને ઉદ્યોગપતિઓએ મજૂરોને સીધી રોકડ સહાય પહોંચાડી તેમની વચ્ચે આશાનું કિરણ જગાવ્યું છે. ગામના લોકોનું કહેવું છે કે આંબા ગામના ઉદ્યોગપતિઓ માત્ર શહેરમાં ઉદ્યોગ સંભાળતા નથી પરંતુ પોતાના વતનમાં પણ દરેક સંકટ સમયે મદદરૂપ બનતા રહે છે.

આંબા ગામ અને આજુબાજુના વિસ્તારોમાં તાજેતરમાં પડેલા વરસાદ અને ઓલાવૃષ્ટિના કારણે પાકનું ૧૦૦ ટકા સુધીનું નુકસાન થયું છે. ખેતી પર નિર્ભર મજૂરો અને નાના ખેડૂતો માટે આર્થિક રીતે ખૂબ મુશ્કેલીભર્યુ પરિસ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિમાં ગામના ઉદ્યોગપતિઓએ જે રીતે સહાયનો હાથ લંબાવ્યો છે, તે પ્રશંસનીય છે.

ગામના સરપંચે જણાવ્યું હતું કે, આ પ્રકારના સહકારથી ગામમાં ભાઈચારો વધે છે અને અન્ય ઉદ્યોગપતિઓને પણ પ્રેરણા મળે છે કે તેઓ પોતાના ગામ માટે આગળ આવે.

આ ઘટનાએ દર્શાવ્યું છે કે માનવતા હજી જીવંત છે– અને જયારે વતનના લોકો મુશ્કેલીમાં હોય, ત્યારે ઉદ્યોગપતિઓ અને સક્ષમ લોકો આગળ આવીને સહાયરૂપ બને, એ જ સાચો વિકાસ અને સંસ્કાર છે.

## ગાવડકાનાં શિક્ષીકાએ બ્રોન્ઝ મેડલ મેળવી દેશનુ ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૧૧

અમરેલી ગાવડકા પ્રાથમિક શાળાના શિક્ષીક નૂતનબેન માલવિયાએ ચેન્નાઈમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સ્તરની ૨૩મી એશિયાઈ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપ ૨૦૨૫ સ્પર્ધામાં ઊંચી કૂદ (હાઈ જમ્પ)માં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

આ એથ્લેસટિકસ સ્પર્ધામાં ૨૬ દેશોના ૩૬૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો ત્યારે ઊંચી કૂદમાં નૂતનબેન માલવિયાએ મેડલ અપાવી ગુજરાતનું અને દેશનું ગૌરવ વધાર્યુ છે.

### જમીની ખેડુતોની જેમ સાગર ખેડુઓને પણ મદદ કરવી જોઈએ

# જાફરાબાદ બંદર ઉપર કમોસમી વરસાદથી માચ્છીમારોને કરોડો રૂપિયાનુ નુકસાન : સહાય જરૂરી

**સૈંકડો માચ્છીમાર પરિવારો ચિંતિત બન્યા હોય સહકાર કરો**



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાના દરિયાઈ કિનારે આવેલ જાફરાબાદ બંદર પર તાજેતરના કમોસમી માવઠા અને ભારે વરસાદને કારણે માછીમારો પર આર્થિક આફત આવી છે. સમુદ્રમાં જવા તૈયાર થયેલા અને પહેલેથી જ ફિશિંગમાં રોકાયેલા અનેક બોટ અને માછીમારી સાધનો વરસાદ અને પવનના તોફાનમાં નુકસાન પામ્યા છે. જેના પરિણામે માછીમારોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

રાજય સરકારે તાજેતરમાં ખેડૂતો માટે ૧૦,૦૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે, પરંતુ આ પેકેજમાં માછીમારોનો સમાવેશ ન થતા સાગરખેડૂતોમાં ભારે નારાજગી ફેલાઈ છે. જાફરાબાદ, રાજુલા અને પીપાવાવ જેવા કોસ્ટલ વિસ્તારોના માછીમારોએ સરકાર સામે પ્રશ્નો ઉઠાવ્યા છે કે, ''જયારે સમુદ્ર પર આધારિત માછીમારોને પણ કુદરતી આફતોના કારણે ભારે નુકસાન થાય છે, ત્યારે અમને રાહત પેકેજમાંથી કેમ બહાર રાખવામાં આવે છે?''

માછીમારોનું કહેવું છે કે દર વર્ષે વાવાઝોડા, કમોસમી વરસાદ અને તોફાની હવામાનના કારણે બોટ, નેટ, ડીઝલ અને માછીમારી સાધનોને મોટા પાયે નુકસાન થાય છે. ઘણા માછીમારોની ''બુમલાફિશિંગ'' તરીકે ઓળખાતી મોસમી માછીમારી તોડી પડી છે. તડકામાં પકડાયેલી માછલી કમોસમી વરસાદથી બગડી જાય છે, જેના કારણે તેઓને લાખો રૂપિયાનું સીધું નુકસાન ભોગવવું પડે છે.

સ્થાનિક માછીમારોએ જણાવ્યું કે, ''અમે પણ સાગર ખેડૂત છીએ'' ખેતરમાં જે રીતે ખેડૂતો પાક ઉગાડે છે, એ જ રીતે અમે દરિયામાં જીવન જોખમે માછલી પકડીએ છીએ. વરસાદ કે વાવાઝોડું આવે ત્યારે અમારૂ પણ ઉત્પાદન નષ્ટ થાય છે. પછી સરકાર ખેડૂતોને સહાય આપે છે, પણ સાગર ખેડૂતોને કેમ બાકાત રાખે છે?

માછીમારોની આ વ્યથા સાંભળીને જાફરાબાદ–રાજુલા વિસ્તારના ધારાસભ્ય હીરા સોલંકીએ પણ મામલો ગંભીરતાથી લીધો છે. તેમણે રાજયના કૃષિ તથા માછીમારી મંત્રીઓને પત્ર લખી, દરિયાઈ માછીમારોને પણ સમાન રાહત પેકેજમાં સામેલ કરવાની માંગણી કરી છે. હીરા સોલંકીએ સ્વીકાર્યુ કે, ''આ વિસ્તારમાં બુમલાફિશિંગ મુખ્ય છે. કમોસમી વરસાદ અને તોફાનના કારણે મોટા પ્રમાણમાં માછીમારી પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ છે. હજારો માછીમારોને આર્થિક ઝટકો લાગ્યો છે. સરકાર માછીમારોને સહાય પેકેજ આપી વાસ્તવિક રાહત આપે તે જરૂરી છે.''

સ્થાનિક માછીમારોના સંગઠનોએ પણ સ્પષ્ટ કર્યુ છે કે માત્ર ખેડૂતો જ નહીં, પણ દરિયા પર જીવન નિર્ભર લોકો માટે પણ સમાન રીતે સહાય જરૂરી છે. તેઓએ ઉમેર્યુ કે, ''માછીમારી એ પણ ખેતીનો જ એક રૂપ છે ફરક એટલો જ કે ખેતર જમીનમાં છે અને અમારૂ ખેતર સમુદ્રમાં.'' માછીમારોની માગ છે કે રાજય સરકારે તરત જ વાવાઝોડા અને માવઠાથી થયેલા નુકસાનનું સર્વેક્ષણ કરાવે અને માછીમારો માટે અલગથી પેકેજ જાહેર કરે. નહીંતર આવનારા સમયમાં માછીમારી ઉદ્યોગ ભારે મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

હાલ જાફરાબાદ બંદર પર માછીમારોની બોટો કિનારે ઉભી છે. નેટ અને સાધનો બગડી ગયા છે. અને ઘણાં પરિવારો રોજીરોટી માટે ચિંતામાં છે. સાગર ખેડુતોએ આશા વ્યકત કરી છે કે સરકાર તેમનો અવાજ સાંભળશે અને ન્યાય સાથે સહાય જાહેર કરશે.

### કો–ઓર્ડીનેટર દર્શન ત્રિવેદીનાં માર્ગદર્શન તળે

# અમરેલી જિલ્લામાં સૌપ્રથમ કિક બોકસીંગનુ થયુ આયોજન

**૨૦૦થી વધુ દિકરીઓ જોડાઈ**



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં સૌપ્રથમ બગસરા ખાતે ખેલો ઈન્ડિયામાં પ્રથમ વખત અસ્મિતા કિક બોકસીંગ લીગનુ આયોજન પ્રથમ વખત કરવામાં આવ્યું હતું.

આ લીગનાં કો–ઓર્ડીનેટર તરીકે બાબાપુરનાં વતની દર્શનભાઈ ત્રિવેદીએ સરસ આયોજન કરેલ હતું. આ લીગમાં ૨૦૦ થી વધુ દિકરીઓએ ભાગ લઈ પોતાનું પોતાની શાળા અને પોતાના પરિવારનુ ગૌરવ વધારેલ છે.

આ ઈવેન્ટમાં મુખ્ય અતિથી તરીકે મેઘાણી હાઈસ્કુલના પ્રિન્સીપાલે હાજર રહી દિકરીઓને પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ સ્કૂલ કેમ્પસમાં મેડિકલ ટીમ પણ હાજર રહી ફરજ નિભાવી તથા આ ઈવેન્ટમાં ઓફિસિયલ રેફરી તથા જજ તરીકે રાજકોટની ટેક્નોફાઈટ માર્શલ આર્ટસની ટીમે ફરજ બજાવી હતી.

### CM યોગીએ આકરી તપાસના અધિકારીઓને આપ્યા આદેશ

# દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસમાં યુપી કનેક્શન બહાર આવ્યું

**મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યભરમાં હાઇ એલર્ટ જારી કર્યું છે અને સઘન ચેકિંગ અને સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો છે**

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસમાં યુપી કનેક્શન બહાર આવ્યું છે. લખનૌના ડોક્ટર શાહીન શાહિદની કારમાંથી હથિયારો મળી આવ્યા હતા, જ્યારે ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી ISKP મોડ્યુલ સાથે કથિત જોડાણો બદલ લખીમપુરથી મોહમ્મદ સોહેલની ધરપકડ કરી હતી. બંને કિસ્સાઓ ઉત્તર પ્રદેશમાં આતંકવાદી નેટવર્ક સાથે જોડાણો દર્શાવે છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યભરમાં હાઈ એલર્ટ જારી કર્યું છે અને સઘન ચેકિંગ અને સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો છે.

ગયા રવિવારે, ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી એ અમદાવાદમાં ISKP મોડ્યુલ સાથે જોડાયેલા ત્રણ શંકાસ્પદોની ધરપકડ કરી હતી. શંકાસ્પદોમાંથી એક, મોહમ્મદ સોહેલ, લખીમપુર ખેરી જિલ્લાના નિઘાસન તહસીલના સિંગાહી પોલીસ સ્ટેશન વિસ્તારના ઝાલા ગામનો રહેવાસી છે. સોહેલના પરિવારના જણાવ્યા અનુસાર, તે ત્રણ વર્ષ પહેલા મુઝફ્ફરનગરના બુઢાણા શહેરમાં જામિયા દારૂલ ઉલૂમ અઝીઝિયા નામની મદરેસામાં હાફિઝનો અભ્યાસ કરવા ગયો હતો. સોહેલનો પરિવાર ગરીબ છે. તેના પિતા, સલીમ, ટ્રેક્ટર મિકેનિક છે. તેની માતા રૂખસાના, તેનો નાનો ભાઈ વસીમ અને તેના મોટા ભાઈની પત્ની ઘરે રહે છે. મોટો ભાઈ સુમી તમિલનાડુમાં એક કાપડ ફેક્ટરીમાં કામ કરે છે. ત્રણ વર્ષ પહેલાં, સોહેલના એક ભાઈનું વીજળીનો કરંટ લાગવાથી મૃત્યુ થયું હતું.

આ દરમિયાન, જમ્મુ અને કાશ્મીર પોલીસે લખનૌના લાલબાગ વિસ્તારના રહેવાસી ડૉ. શાહીન શાહિદની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, શાહીનની કારનો ઉપયોગ ડૉ. મુઝામિલ નામના વ્યક્તિ દ્વારા કરવામાં આવતો હતો. આ કારમાંથી એક રાઈફલ અને જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આ એ જ કાર હતી જે તાજેતરમાં શ્રીનગરના એક શંકાસ્પદ ઠેકાણામાંથી જપ્ત કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મુઝામિલ લાંબા સમયથી આતંકવાદી સંગઠનો સાથે સંપર્કમાં હતો અને ઘણી વખત લખનૌ ગયો હતો.

કારમાંથી હથિયારો મળી આવ્યા બાદ, વાહનનું રજીસ્ટ્રેશન તપાસવામાં આવ્યું અને તે ડૉ. શાહીનના નામે હોવાનું જાણવા મળ્યું. તપાસમાં જાણવા મળ્યું કે શાહીન અને મુઝામિલ એકબીજાને ઓળખતા હતા અને ઘણી વખત સાથે જોવા મળ્યા હતા. જમ્મુ અને કાશ્મીર પોલીસ હવે તપાસ કરી રહી છે કે શું શાહીનને ખબર હતી કે તેની કારનો ઉપયોગ હથિયારોના પરિવહન માટે થઈ રહ્યો છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશમાં સુરક્ષા વ્યવસ્થા અંગે કડક સૂચનાઓ જારી કરી છે. મુખ્યમંત્રીએ પોલીસ મહાનિર્દેશક રાજીવ કૃષ્ણા પાસેથી ઘટના અંગે પૂછપરછ કરી અને સમગ્ર રાજ્યને હાઈ એલર્ટ પર રાખવાનો આદેશ આપ્યો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે કોઈપણ સંજોગોમાં બેદરકારી સહન કરવામાં આવશે નહીં. બધા જિલ્લાઓએ સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ વધારવી જોઈએ, અને પોલીસ અધિકારીઓએ વ્યક્તિગત રીતે તપાસ અને ક્ષેત્રમાં પેટ્રોલિંગ કરવું જોઈએ. મુખ્યમંત્રીના આદેશોને અનુસરીને, પોલીસ મહાનિર્દેશક એ તમામ જિલ્લાઓને તાત્કાલિક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે.

### કેન્દ્રીય ગૃહ મંત્રાલયે લીધો નિર્ણય

# દિલ્હી બ્લાસ્ટની તપાસ NIAને સોંપાઈ, મૃત્યુઆંક ૧૩ થયો

**દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસ હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી કરશે**

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીમાં આતંકી ષડયંત્રની ગંભીર આશંકા વચ્ચે એક ભયાનક બ્લાસ્ટની ઘટના સામે આવી છે. ૧૦ નવેમ્બરની સાંજે લાલ કિલ્લાથી માત્ર ૩૦૦ મીટર દૂર મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેમાં શરૂઆતમાં ૮ લોકોના મોત થયા હતા, જેનો મૃત્યુઆંક આજે વધીને ૧૩ પર પહોંચી ગયો છે. હવે આ ગંભીર કેસની તપાસ હવે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ને સોંપવામાં આવી છે, જે આ મામલે આતંકી કાવતરાના એંગલથી તપાસ શરૂ કરશે.અહેવાલો અનુસાર, દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસ હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે અને તપાસ NIAને સોંપી દીધી છે. મંગળવારે (૧૧મી નવેમ્બર) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી જેમાં વિસ્ફોટની તપાસ NIA પાસે કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

દિલ્હી પોલીસના અહેવાલ અનુસાર, દિલ્હી કાર બ્લાસ્ટ કેસમાં મૃતકાંક વધીને ૧૨ થઈ ગયો છે. જોકે હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. કેમ કે બ્લાસ્ટને કારણે લોકોના શરીરના ચીથરાં ઉડી ગયા છે. જેના કારણે તેમની ઓળખ કરવા માટે લાંબી પ્રક્રિયા હાથ ધરવી પડે એમ છે.

માહિતી અનુસાર દિલ્હી બ્લાસ્ટ કેસની તપાસ મામલે જમ્મુ-કાશ્મીરમાં ડૉ. ઉમરના મિત્ર ડૉક્ટર સજ્જાદ અહેમદ માલાની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની ધરપકડ પુલવામાથી કરવામાં આવી હતી. મોહમ્મદ ઉમર હજુ સુધી પોલીસને હાથ લાગ્યો નથી. એવું કહેવાય છે કે દિલ્હી બ્લાસ્ટમાં જે કાર વપરાઈ હતી તેમાં તે હાજર હતો અને તે મૃત્યુ પામી ગયો હોઈ શકે છે. જોકે આ હજુ તપાસનો વિષય છે.

### રાજામૌલીની ફિલ્મની લાંબા સયથી ચર્ચા ચાલી રહી છે

# રાજામૌલીની ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમારનનો 'કુંભા' લૂક જાહેર થયો

**'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી ગ્લોબલી સફળ થયેલી ફિલ્મની છાપ સાથે આ ફિલ્મની જાહેરાત કરાઈ**

મુંબઈ, તા.૧૧

રાજામૌલીની ફિલ્મની લાંબા સયથી ચર્ચા ચાલી રહી છે. સેટ પરથી વાયરલ થયેલી કેટલીક તસવીરો અને ફિલ્મના નામની જાહેરાત સિવાય હજુ સુધી કંઈ જ જોવા મળ્યું નથી. ત્યારે ૧૫ નવેમ્બરે તેઓ હૈદ્રાબાદમાં એક મોટી ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છે. તે પહેલાં મહેશ બાબુ અને પ્રિયંકા ચોપરાની આ ફિલ્મમાંથી પૃથ્વીરાજ સુકુમારનનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. એસએસ રાજામૈલીએ પોતાના સોશિયલ મીડિયા પર પૃથ્વીરાજને 'કુંભા' તરીકે જેહરહ કરતી એક તસવીર જાહેર કરી છે, જેમાં પૃથ્વીરાજ, ઉગ્ર અને શક્તિશાળી વિલન તરીકે દેખાય છે. આમાં પૃથ્વીરાજ એક હાઈટેક વ્હીલચેરમાં બેઠો છે અને તેમાંથી રોબોટીક હાથ બહાર આવી રહ્યા છે. એ દર્શાવે છે કે આ ફિલ્મનો વિલન ક્યારેય જોવા ન મળ્યો હોય એવો હશે. રાજામૌલી અને મહેશબાબુની આ ફિલ્મ એક મોટી જંગલ એડવેન્ચર ફિલ્મ છે, જેને હંગામી ધોરણે 'ગ્લોબ ટ્રોટર' નામ આપવામાં આવ્યું હતું. 'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી ગ્લોબલી સફળ થયેલી ફિલ્મની છાપ સાથે આ ફિલ્મની જાહેરાત થઈ એ પહેલાંથી જ આ ફિલ્મ માટે ઘણી આતુરતા અને ઉત્સુકતા છે. ત્યારે રાજામૌલીએ આ ફિલ્મ અંગે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું હતું, "તેમની ત્રણેયની સાથે ક્લાઈમેક્સનાં શૂટ વચ્ચે ગ્લોબ ટ્રોટરની ઈવેન્ટ માટે પણ ઘણી તૈયારીઓ ચાલી રહી છે, કારણ કે અમે કશુંક એવું કરવા જઈ રહ્યા છીએ, જે અમે પહેલા કરેલાં દરેક કામથી ઘણું અલગ છે. તમે બધા હવે ૧૫ નવેમ્બરે તેની ઝલક મેળવી શકો તેના માટે આતુર છીએ." આ પોસ્ટ પરથી અંદાજ આવે છે અને એવા અહેવાલો છે કે હાલ આ ફિલ્મના ક્લાઈમેક્સ માટે મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારન ત્રણેય સાથે શૂટિંગ ચાલી રહ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર આ શૂટ રાજામૌલીની કોઈ પણ ફિલ્મ માટે ટેક્નિકલી સૌથી વધુ પડકારજનક શૂટિંગ છે. ત્યારે હવે પૃથ્વીરાજના આ પોસ્ટર લોંચ સાથે ફિલ્મના પ્રમોશનની મોટા પાયે શરૂઆત થઈ ગઈ છે. સાથે રાજામૌલીએ એવું પણ કહ્યું છે કે આવનારા દિવસોમાં ફિલ્મ વિશે અલગ અલગ અપટેડ અને સરપ્રાઈઝ મળતી રહેશે.

### બિહાર બીજા તબક્કાના મતદાનમાં નવો રેકોર્ડ બનાવી શકે છે

# બિહારમાં બીજા તબક્કામાં રેકોર્ડબ્રેક ૬૭.૧૪ ટકા મતદાન

**વધુ મતદાન બાદ હવે તમામ રાજકીય પક્ષો પોતપોતાનાં સમીકરણો તપાસી રહ્યા છે કે વધુ મતદાનની અસર શું થશે?**

બિહાર,તા.૧૧

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૨૨ બેઠકનું મતદાન આજે શરૂ થઈ ગયું છે. આ મતદાનમાં ૩.૭૦ કરોડ મતદાતાઓ નીતિશકુમારની સરકારના અડધા ડઝન મંત્રીઓ સહિત કુલ ૧૩૦૨ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. પશ્ચિમ ચંપારણ, પૂર્વી ચંપારણ, સીતામઢી, મધુબની, સુપૌલ, અરેરિયા અને કિશનગંજ સહિત ૧૧ જિલ્લામાં મતદાન યોજાયું. બધા વિસ્તાર નેપાળની સાથે સરહદ ધરાવતા ક્ષેત્ર છે.

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં બમ્પર મતદાન થયું છે. વહેલી સવારથી જ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. સાંજે ૫ વાગ્યા સુધીમાં રેકોર્ડબ્રેક ૬૭.૧૪ ટકા મતદાન થયું. વધુ મતદાન બાદ હવે તમામ રાજકીય પક્ષો પોતપોતાનાં સમીકરણો તપાસી રહ્યા છે કે વધુ મતદાનની અસર શું થશે?

બિહાર બીજા તબક્કાના મતદાનમાં નવો રેકોર્ડ બનાવી શકે છે. બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૦.૪૦ ટકા મતદાન થયું છે.અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૦૦ની વિધાનસભા ચૂંટણીમાં ૬૨.૫૭ ટકા મતદાન થયું હતું. ૧૯૯૮ની લોકસભા ચૂંટણીમાં ૬૪.૬ ટકા મતદાન થયું હતું. એકંદરે, ૧૯૯૮ની લોકસભા ચૂંટણીમાં બિહારમાં સૌથી વધુ મતદાનનો રેકોર્ડ છે. આ વખતે, તે રેકોર્ડ પણ તૂટી શકે છે.

બિહાર ચૂંટણીના બીજા તબક્કામાં ૨૦ જિલ્લાઓની ૧૨૨ વિધાનસભા બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. બપોરે ૧ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી ૪૭ ટકાને વટાવી ગઈ હતી. બપોરે ૧ વાગ્યા સુધી મતદાન ૪૭.૬૨ ટકા હતું. પહેલા તબક્કામાં બપોરે ૧ વાગ્યા સુધી ૪૨.૩૧% મતદાન થયું હતું. અરરિયાના ફારબિસગંજમાં ભાજપ અને કોંગ્રેસના સમર્થકો વચ્ચે અથડામણ થઈ. પરિસ્થિતિ વધુ વણસી રહી હતી જેના કારણે સુરક્ષા કર્મચારીઓએ બળપ્રયોગ કરવો પડ્યો. આ ઘટના ફારબિસગંજ કોલેજના બૂથ નંબર ૧૯૮ પર બની હતી. કોંગ્રેસના સમર્થકોનો આરોપ છે કે ભાજપના ધારાસભ્ય અને NDA ઉમેદવારે કોંગ્રેસના મતદારોને માર મારવાની હાકલ કરી હતી. આ કોલ બાદ ઉશ્કેરાયેલા કોંગ્રેસ કાર્યકરોએ મતદાન મથકની બહાર હોબાળો મચાવ્યો હતો. લગભગ અડધા કલાકની અશાંતિ બાદ સુરક્ષા કર્મચારીઓએ પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી.

આ અંગે SDO રણજીત કુમાર રંજને જણાવ્યું હતું કે પરિસ્થિતિનો ઉકેલ આવી ગયો છે અને કોઈ લાઠીચાર્જ થયો નથી.

આ ગરબડીઓ વચ્ચે, પૂર્ણિયાના અપક્ષ સાંસદ પપ્પુ યાદવે આરોપોની આગમાં વધુ ઘી હોમ્યું છે. તેમનું કહેવું છે કે, "ઘણા બૂથો પર મતદારો પર લાઠીચાર્જ થઈ રહ્યો છે અને ઘણી જગ્યાએ મશીનો ખરાબ છે. લોકશાહીમાં આ ખોટું છે... સીમાંચલ અને કોસી જેની સાથે ઉભા રહે છે, તે જ સરકાર બનાવે છે." પ્રશાસનનું કહેવું છે કે ટેકનિકલ ટીમોને તાત્કાલિક મોકલી દેવામાં આવી છે અને મતદાન પ્રક્રિયાને સામાન્ય બનાવવાનો પ્રયાસ ચાલુ છે.

બિહાર ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં વહેલી સવારે મતદાન માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બિહાર ચૂંટણીના બીજા તબક્કામાં સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૪.૫૫% મતદાન થયું છે. બીજા તબક્કાના મતદાનમાં કુલ ચાર લાખથી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે. કુલ ૪૫૩૯૯ મતદાન મથકો પર મતદાન થશે, તેમાથી ૪૦૦૭૩ મતદાન મથક ગ્રામીણ વિસ્તારમાં આવેલા છે. કુલ મતદાતાઓમાં અડધા ઉપરાંતના એટલે કે ૨.૨૮ કરોડ જેટલા મતદાતા ૩૦ થી ૬૦ વર્ષની વયના છે. જ્યારે ફક્ત ૭.૬૯ લાખ મતદાતા જ ૧૮ થી ૧૯ વર્ષના વયજૂથમાં છે.

૧૨૨ મતવિસ્તારોમાં મહિલા મતદારોની સંખ્યા ૧.૭૫ કરોડ છે. ૩.૬૭ લાખ મતદારો સાથે નવાડા જિલ્લાની હિસુઓ બેઠક સૌથી મોટો મતવિસ્તાર છે. જ્યારે લૌરિયા, ચંપતિયા, રાક્સોલ, ત્રિવેણીગંજ, સુગૌલી અને બન્મખીમાં સૌથી વધુ ૨૨-૨૨ ઉમેદવાર મેદાનમાં ઉતર્યા છે. ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કામાં ૧૨૧ મતવિસ્તારોમાં ૬૫ ટકા જેટલું ઊંચું મતદાન થયું છે.

મોટાભાગના જિલ્લા સીમાંચલમાં આવેલા છે અને અહીં મુસ્લિમોની વસ્તી મોટાપાયા પર હોવાથી ઈન્ડિયા બ્લોકના સારા પર્ફોર્મન્સની જવાબદારી તેના શિરે છે. જેડીયુના વરિષ્ઠ નેતા અને શાસક પક્ષના કેબિનેટ પ્રધાન બિજેન્દ્રપ્રસાદ યાદવ સળંગ રેકોર્ડ બ્રેક સળંગ આઠમી વખત તેમની સુપૌલની સીટ જાળવવા મેદાનમાં ઉતરશે.આ જ રીતે તેમના કેબિનેટના સહયોગી અને ભાજપના વરિષ્ઠ નેતા પ્રેમકુમાર પણ આઠમી વખત તેમની સીટ જાળવવા મેદાનમાં ઉતરશે. અન્ય જાણીતા ચહેરોઓમાં જોઈએ તો ભાજપના મંત્રી બેટ્ટિયાના રેણુદેવી અને છતપુરના નીરજકુમાર જેવા જાણીતા ચહેરાની પણ બરોબરની કસોટી થશે. આ સિવાય જેડીયુના લેશીસિંહની ધમદાહા, શીલા મંડલની ફુલપારસ અને ચૈનપુરમાં ઝમાખાનના બળાબળના પારખા થશે. ભાજપના જ અન્ય જાણીતા ચહેરાઓમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન તારકિશોર પ્રસાદ સળંગ પાંચમી ટર્મ માટે તેમની કટિહાર સીટ જાળવવા ચૂંટણીના જંગમાં ઉતરશે. કટિહાર જિલ્લો બલરામપુર અને કડવા વિધાનસભા બેઠકો પણ ધરાવે છે. અહીં સીપીઆઈ-એમએલના મહેબૂબ આલમ અને શકીલ એહમદ ખાન તેમની સીટ જાળવવા ત્રીજી વખત ઉતરશે.

### મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા

# ગુજરાતમાં ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ

**આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે**

અમદાવાદ,તા.૧૧

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરીની સમગ્ર ટીમ રાજ્યભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે.

ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે.

હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ ૫૦,૯૬૩ બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારો નોંધાયેલા છે. જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે ૩.૯૦ કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. આમ, રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કરતા BLO ખરા અર્થમાં ભારતના ચૂંટણીપંચના ધ્વજવાહક બન્યા છે.

### NCRના અન્ય શહેરોમાં ટૂંક સમયમાં નિર્ણય લેવાશે

# ધો.૫ સુધીની શાળાઓ હવે હાઈબ્રિડ મોડ પર ચાલુ રહેશે

**આ નિર્ણય દિલ્હીની તમામ સરકારી, ખાનગી અને સહાયિત શાળાઓને લાગુ પડશે**

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ સતત તબાહી મચાવી રહ્યું છે. શિયાળામાં થોડો વધારો થતાં ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે. ઉદાહરણ તરીકે ઘણી જગ્યાએ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૮૦૦થી ઉપર નોંધાયો છે. આને ધ્યાનમાં રાખીને કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ ગ્રેપ ૩ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ પછી દિલ્હી સરકારે હાઈબ્રિડ મોડમાં ધોરણ ૫ સુધીની શાળાઓ ચલાવવાનો પણ નિર્ણય લીધો છે.

વાયુ પ્રદૂષણના પ્રતિભાવમાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ GRAP ૩ લાગુ કર્યો છે. આ પછી દિલ્હી સરકારે ધોરણ ૫ સુધીની શાળાઓને હાઈબ્રિડ મોડમાં ચલાવવાનો નિર્દેશ આપ્યો છે. આ નિર્ણય દિલ્હીની તમામ સરકારી, ખાનગી અને સહાયિત શાળાઓને લાગુ પડશે. આનો અર્થ એ છે કે દિલ્હીની તમામ પ્રકારની શાળાઓમાં ધોરણ ૫ સુધીના વર્ગો હાઈબ્રિડ મોડમાં ચાલશે. આ વ્યવસ્થા આગામી સૂચના સુધી અમલમાં રહેશે.

દિલ્હી સરકારે ધોરણ ૫ સુધીની શાળાઓને હાઈબ્રિડ મોડમાં ચલાવવાનો નિર્દેશ આપ્યો છે. હાઈબ્રિડ મોડમાં શાળાઓ કેવી રીતે ચાલશે? આ પ્રશ્નનો જવાબ એ છે કે શાળાઓ ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડમાં ચાલશે. ઉદાહરણ તરીકે શિક્ષકોને શાળામાં હાજરી આપવાની જરૂર રહેશે, જ્યારે બાળકોના વર્ગો ઓનલાઈન યોજાશે. જો કે, જો આ સમય દરમિયાન પ્રદૂષણ ઘટે છે તો બાળકોને શાળાએ બોલાવી શકાય છે.દિલ્હી સરકારે હાઈબ્રિડ મોડમાં ધોરણ ૫ સુધીની શાળાઓ ચલાવવાનો નિર્ણય લીધો છે, પરંતુ ગાઝિયાબાદ, નોઈડા, ફરીદાબાદ, ગુરુગ્રામ, સોનીપત જેવા અન્ય NCR શહેરોના જિલ્લા વહીવટીતંત્રે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લીધો નથી, પરંતુ ગ્રેપ-૩ના અમલીકરણ પછી આ સિસ્ટમ અન્ય NCR શહેરોમાં પણ લાગુ કરવામાં આવશે.

ગયા વર્ષેએક ચુકાદામાં સુપ્રીમ કોર્ટેજીઈછૅ-૩ના અમલીકરણને સ્થાપિત કર્યું હતું, જે હેઠળ જો AQI ૩૫૦થી વધુ થાય તો GRAP-૩ લાગુ કરવામાં આવશે. GRAP-૩ના અમલીકરણ પછી શાળાઓ, કોલેજો અને કોચિંગ સંસ્થાઓ બંધ કરવાનો નિર્ણય લઈ શકાય છે.

### દિલ્હી બ્લાસ્ટ અંગે કોંગ્રેસનો સવાલ

# સાત મહિનામાં ૪૧ ભારતીયોના મોત, સુરક્ષામાં ચૂક માટે જવાબદાર કોણ?

**સાત મહિના પહેલા જ પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો અને હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો છે, કોની જવાબદારી છે?**

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી બ્લાસ્ટ મામલે વિપક્ષોએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે. કોંગ્રેસ સહિત વિપક્ષી દળ ગૃહમંત્રી અમિત શાહ પાસે જવાબ માંગી રહ્યા છે. કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, 'અમિત શાહ અસફળ ગૃહમંત્રી છે. સાત મહિનામાં ૪૧ ભારતીયો માર્યા ગયા છે. દિલ્હીમાં બ્લાસ્ટની ઘટના પાછળ કોણ જવાબદાર છે?

સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, 'રાજધાની દિલ્હીમાં વિસ્ફોટની ઘટામાં ૧૦ લોકોના મોત થયા છે. ગઈકાલે ફરીદાબાદમાંથી ૩૬૦ કિલો વિસ્ફોટક પકડાયો હતો. આ વિસ્ફોટ સામગ્રી ત્યાં કેવી રીતે પહોંચી? બહુ મોટી ઘટના થવાની સંભાવના હતી. સાત મહિના પહેલા જ પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો અને હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો છે. કોની જવાબદારી છે?

તેમણે વધુમાં કહ્યું કે, 'ગૃહમંત્રી ક્યાં છે? વડાપ્રધાન ક્યાં છે? ભારતીયોની નિર્દયતાથી હત્યા થઈ રહી છે, છતાં બંને નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે અને કોઈ જવાબદારી પણ નથી. સાત મહિનામાં ૪૧ ભારતીયોને મારી નખાયા છે. અમિત શાહ અસફળ ગૃહમંત્રી છે. દિલ્હી પોલીસ કોના નિયંત્રણ હેઠળ છે? સરહદ સુરક્ષા માટે કોણ જવાબદાર છે? IBને કોણ રિપોર્ટ કરે છે? મોટી મોટી વાતો કરવાથી તમારી નિષ્ફળતા અને સુરક્ષામાં વારંવાર ચૂક ક્યારે છુપાશે નહીં. જો નિર્દોષ લોકોના મોત થશે, તો અવાજ ઉઠાવવામાં આવશે. જવાબદારી નક્કી કરાશે, કારણ દેશ સુરક્ષિત હાથોમાં નથી.' કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું કે, 'બ્લાસ્ટની ઘટનાને ઘણો સમય વીતી ગયો છે, અફવાઓ વધુ ન ફેલાય તે માટે ગૃહમંત્રીએ માહિતી આપવી જોઈએ. ગૃહમંત્રી સુરક્ષા પર ધ્યાન રાખી રહ્યા નથી, તેઓ ચૂંટણી રાજ્યમાં એક હોટલમાં બેઠા છે અને તેઓ સીસીટીવીથી બચી રહ્યા છે. જ્યારે પહલગામમાં હુમલો થયો હતો, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાની યાત્રા છોડીને આવી ગયા હતા. હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો તો તેઓ ભૂતાન જતા રહ્યા છે. જો તેઓ વડાપ્રધાન હોત, તો તેમને દેશની ચિંતા હોત, વાતચીત વર્ચ્યુઅલ રીતે પણ થઈ શકી હોત.'

દિલ્હી બ્લાસ્ટ મામલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે પણ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, 'ભારતને મજબૂત ગૃહમંત્રીની જરૂર છે. શું આપણી સરહદ અને શહેરોની રક્ષા કરવાની જવાબદારી અમિત શાહની નથી? તે બધી બાબતોમાં આટલો ખરાબ રીતે કેમ નિષ્ફળ જઈ રહ્યો છે?'

ઉલ્લેખનીય છે કે, દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન-૧ પાસે કારમાં શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. આ દરમિયાન કારની આસપાસના અનેક વાહનો વિસ્ફોટ અને આગની ઝપેટમાં આવી ગયા હતા. ઘટનામાં ૧૦ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે, આસપાસની બિલ્ડિંગો અને મંદિરોના કાર પણ તૂટી ગયા હતા. એટલું જ નહીં વિસ્ફોટમાં એક વ્યક્તિ છેક વૃક્ષ પર પડ્યો હતો. તપાસ એજન્સીઓની નજર પડતા યુવક મૃત હાલતમાં વૃક્ષ પર લટકેલો જોવા મળ્યો હતો.

### બંને દેશોના સંબંધોની પ્રશંસા કરી

# ભૂટાન નરેશે દિલ્હી વિસ્ફોટ પીડિતો માટે કરી પ્રાર્થના

**આ સાથે જ ભૂટાન નરેશે પણ દિલ્હીમાં ઘટેલી ઘટના પર થિમ્પૂ સ્ટેડિયમમાં વિશેષ પ્રાર્થના સભા બોલાવી હતી**

ભૂટાન,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય પ્રવાસ પર ભૂટાન પહોંચ્યા છે. ભૂટાનની રાજધાની થિમ્ફુના એરપોર્ટ પર પીએમ મોદીનુ ભવ્ય સ્વાગત કર્યુ. આ દરમિયાન ભૂટાન સરકારના અનેક વરિષ્ઠ મંત્રી અને શીર્ષ અધિકારી હાજર રહ્યા હતા. પીએમ મોદી ૧૧-૧૨ નવેમ્બરે ભૂટાન પ્રવાસ પર રહેશે. આ પ્રવાસથઈ દ્વિપક્ષીય સંબંધ મજબૂત બનશે. વડાપ્રધાન મોદી ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકના ૭૦માં જન્મદિવસ સમારોહમાં સામેલ થશે. પીએમ મોદીએ ભૂટાનમાં દિલ્હી વિસ્ફોટ પર દુખ વ્યક્ત કર્યુ.

આ સાથે જ ભૂટાન નરેશે પણ દિલ્હીમાં ઘટેલી ઘટના પર થિમ્પૂ સ્ટેડિયમમાં વિશેષ પ્રાર્થના સભા બોલાવી હતી.

ભૂતાનમાં એક કાર્યક્રમને સંબોધિત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના વિસ્ફોટની ઘટનાને લઈ દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે, આજે હું અહીં ખૂબ ભારે મનથી આવ્યો છું. ગઈ કાલે સાંજે દિલ્હીમાં થયેલી ભયાનક ઘટનાએ સૌના મનને વ્યથિત કરી દીધા છે.

હું પીડિત પરિવારોનો દુઃખ સમજી શકું છું. દિલ્હીના બ્લાસ્ટે દરેકને દુઃખી કર્યા છે. આખો દેશ પીડિત પરિવારોની સાથે છે અને જે કોઈ આ વિસ્ફોટ પાછળ છે, તેમને છોડવામાં નહીં આવે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "હું ગઈ રાત્રિથી આ ઘટનાની તપાસમાં લાગેલી તમામ એજન્સીઓ સાથે અને તમામ મહત્વપૂર્ણ લોકો સાથે સંપર્કમાં હતો. વિચારવિમર્શ ચાલી રહ્યો હતો, માહિતીના તાંતણાં જોડાઈ રહ્યા હતા. અમારી એજન્સીઓ આ ષડયંત્રની પૂરી તપાસ કરશે અને જેના પાછળ હાથ છે, તેમને છોડવામાં નહીં આવે.

વડાપ્રધાન મોદીએ થિમ્ફુમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે, આજનો દિવસ ભૂતાન માટે, ભૂતાનના રાજપરિવાર માટે અને વિશ્વશાંતિમાં વિશ્વાસ રાખનારા તમામ લોકો માટે અત્યંત મહત્વનો છે. સદીઓથી ભારત અને ભૂતાન વચ્ચેનો સંબંધ અત્યંત ગાઢ, આત્મીય અને સાંસ્કૃતિક રહ્યો છે. તેથી આ મહત્વપૂર્ણ પ્રસંગમાં જોડાવાનું ભારતનું અને મારું વચન હતું.

આ પહેલાં ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ ટોબગેએ થિમ્ફુના પારો એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીની સ્વાગતવિધિ કરી હતી. ટોબગેએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી લખ્યું કે "હું મારાં મોટા ભાઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભૂતાનમાં સ્વાગતમાં આખા દેશ સાથે જોડાયેલો છું.ગઈ કાલ સાંજે ભારતના દિલ્હીમાં જે બોમ્બ વિસ્ફોટની ઘટના ઘટી તેમાં મૃત્યુ પામેલા અને દરેક ઘાયલ થયેલા લોકો માટે પ્રાર્થના.

### મેચ અંગે મોટો નિર્ણય

# ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ મેચ માટે સુરક્ષા વ્યવસ્થા સઘન

**સ્ટેડિયમમાં પ્રવેશ કરનાર દરેક વ્યક્તિની ઓછામાં ઓછા બે વાર મેટલ સ્કેનરથી તપાસ થશે**

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીમાં થયેલા વિસ્ફોટના પગલે, ૧૪ નવેમ્બરથી કોલકાતાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં શરૂ થનારી ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ મેચ માટે સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે.

કોલકાતા પોલીસ કમિશનર મનોજ વર્માએ હાઈ એલર્ટની પુષ્ટિ કરી છે અને જણાવ્યું કે, 'દિલ્હીની ઘટનાને ધ્યાનમાં રાખીને પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) તૈનાત કરીને વિશેષ અને વધારાના સુરક્ષા પગલાં લેવાઈ રહ્યા છે.' કોલકાતા પોલીસે સમગ્ર શહેરમાં, ખાસ કરીને ઈડન ગાર્ડન્સ અને આસપાસ સુરક્ષા વધારી દીધી છે; CAB અધિકારીઓ અને પોલીસ કમિશનર વચ્ચે મંગળવારે સુરક્ષાની સમીક્ષા બેઠક યોજાવાની છે. સ્ટેડિયમમાં પ્રવેશ કરનાર દરેક વ્યક્તિની ઓછામાં ઓછા બે વાર મેટલ સ્કેનરથી તપાસ થશે, સાદા ડ્રેસમાં પોલીસકર્મીઓ તૈનાત રહેશે અને શંકાસ્પદ વસ્તુઓ પર પ્રતિબંધ રહેશે.

આ ઉપરાંત, બંને ટીમ જે હોટલોમાં રોકાઈ છે ત્યાં પણ સુરક્ષા કડક કરવામાં આવી છે, જેના કારણે ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરનો કાલીઘાટ મંદિર જવાનો મંગળવારનો કાર્યક્રમ સ્થગિત થઈ શકે છે.

### બાંગ્લાદેશી ID કાર્ડથી થઈ ઓળખ

# વાપીમાંથી ગેરકાયદે વસવાટ કરતો બાંગ્લાદેશી ઝડપાયો

**આ ઈસમ પાસપોર્ટ અને વિઝા વિના ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશીને વસવાટ કરી રહ્યો હતો**

વલસાડ , તા.૧૧

ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો સામેની કાર્યવાહીના ભાગરૂપે, વલસાડ જિલ્લાના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ ની ટીમે વાપી વિસ્તારમાંથી એક બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરી છે. આ ઈસમ પાસપોર્ટ અને વિઝા વિના ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશીને વસવાટ કરી રહ્યો હતો.SOGની ટીમ વાપી વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન તેમને ફારૂક શેખ નામનો એક શંકાસ્પદ ઈસમ મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી ત્યારે તે હિન્દી ભાષામાં ઉડાઉ અને ગેરમાર્ગે દોરનારા જવાબો આપી રહ્યો હતો, જેના કારણે પોલીસને તેની પર શંકા વધુ દૃઢ થઈ હતી.

સઘન પૂછપરછ અને તપાસના અંતે, આરોપીએ આખરે પોતાનું સાચું નામ મહંમદ ફારૂક હુસૈન મીયા (ઉંમર ૪૦ વર્ષ) હોવાનું કબૂલ્યું હતું. તેણે વધુમાં જણાવ્યું હતું કે તે મૂળ બાંગ્લાદેશના બ્રાહમનબારીયા વિસ્તારનો રહેવાસી છે. પોલીસને પકડાયેલા આ ઈસમ પાસેથી બાંગ્લાદેશ સરકારનું નેશનલ આઈડી કાર્ડ મળી આવ્યું હતું, જેના પરથી તેની બાંગ્લાદેશી નાગરિક તરીકેની ઓળખની સત્તાવાર પુષ્ટિ થઈ હતી. સ્પષ્ટ થયું હતું કે તે કોઈપણ કાયદેસર દસ્તાવેજ (પાસપોર્ટ કે વિઝા) વગર ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતો હતો.

વલસાડ SOGની ટીમે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને હવે તેને દેશનિકાલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ગેરકાયદેસર વસવાટ કરતા વિદેશી નાગરિકોની ઓળખ કરવા માટે SOG દ્વારા આ પ્રકારની કાર્યવાહી નિયમિતપણે ચાલુ રાખવામાં આવશે.

### જથ્થો ફૂડ વિભાગ દ્વારા સીઝ કરવામાં આવ્યો

# સુરતથી પકડાયો ૭૫૪ કિલોનો શંકાસ્પદ પનીરનો જથ્થો

**શંકાસ્પદ પનીરના નમૂનાને તપાસ માટે મોકલાયો લેબોરેટરી કોઈપણ ગરબડી કે ભેળસેળ જણાશે તો કરાશે આકરી કાર્યવાહી**

સુરત, તા.૧૧

સુરત મહાનગરમાં નકલીથી અને પનીરના ઉપરાછાપરી કિસ્સા નોંધાઈ રહ્યા છે. એક બાજુ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ મુદ્દે આકરી કાર્યવાહીનો સૂર આલાપ્યો હતો.

વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ભેળસેળિયાઓ સામે કાર્યવાહીની માંગ કરી છે. બીજી બાજુ નકલી ઘી અને પનીરની બૂમ અકબંધ હોય એમ ખટોદરાની સુરભી ડેરીમાંથી ૭૫૪ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો પકડાયો છે. ૧.૮૧ લાખનો શંકાસ્પદ પનીરનો જથ્થો સીઝ કર્યા બાદ હવે સેમ્પલ રિપોર્ટ પર દારોમદાર રાખવામાં આવીરહ્યો છે

સુરતમાં ખટોદરા વાડી સોમાકાનજીની વાડી પાસે આઈ એનએસ હોસ્પિટલની પાછળ આવેલા સોરઠિયા કમ્પાઉન્ડમાં આવેલી સુરભી ડેરીમાં પાલિકાના ફૂડ ઈન્સ્પેક્શન વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસરો અને એસઓજીના સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ હાથ ધરાઈ હતી.

આ સ્થળે પનીરનો શંકાસ્પદ જથ્થો હોવાનું જણાતા માલિક શૈલેષ છગનભાઈ પટેલ પાસેથી પનીરનો નમૂનો લઈ તપાસ માટે લેબોરેટરી મોકલી આપવામાં આવ્યો હતો. જેનો પૃથક્કરણ રિપોર્ટ આવ્યેથી ફૂડ સેફ્ટી એક્ટ-૨૦૦૬ અને તેના નીતિ નિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરાશે.

આ દારોમદાર છે સ્થળેથી ૭૫૪ કિલો પનીરનો જથ્થો મળી આવ્યો હતો અને તેની અંદાજિત કિંમત ૧.૮૧ લાખ રૂપિયા છે. આ જથ્થો ફૂડ વિભાગ દ્વારા સીઝ કરવામાં આવ્યો છે. લેબોરેટરી ખાતે તપાસ અર્થે મોકલાયેલા સેમ્પલમાં કોઈ પ્રકારની ગરબડી કે ભેળસેળ જણાશે તો આકરી કાર્યવાહી કરવામાં આવશે. આમ, સુરતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની ફરિયાદો વચ્ચે મોટી માત્રામાં શંકાસ્પદ પનીર મળ્યું હોય આરોગ્ય વિભાગના અધિકારીઓ સતર્ક થઈ ગયા છે.

### લાખો મુસાફરોને મળશે મોટી રાહત

# સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં ૧૪મીથી બે ટ્રેનનો પ્રારંભ

**રાજકોટ-પોરબંદર-રાજકોટ વાયા જેતલસર જંક્શન રેલવે રૂટની એમ બે ટ્રેનો મંજૂર થઈ છે**

અમદાવાદ, તા.૧૧

તાજેતરમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાના પ્રયાસથી બે મહિના પૂર્વે બે વિમાની સેવા શરૂ થઈ હતી. હવે બે ટ્રેનનો પ્રારંભ સૌરાષ્ટ્રના વિસ્તારમાં થઈ રહ્યો છે. જે અંતર્ગત ભારતીય રેલવે દ્વારા પોરબંદર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ અને જામનગરમાં રેલવે સુવિધાઓના વિસ્તરણ અને સુધારણાનો પ્રયાસ સાકાર થઈ રહ્યો છે. જે મુજબ ગત ઓગસ્ટમાં બે પેસેન્જર ટ્રેનની જાહેરાત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા કરવામાં આવી હતી. હવે કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાના પ્રયાસ થકી હવે રેલવેના નવા રૂટની શરૂઆત થઈ રહી છે. જે મુજબ આગામી ૧૪મી નવેમ્બરથી એક સાથે આ બે પેસેન્જર ટ્રેનનો પ્રારંભ થશે. આ ટ્રેન એક સાથે ચાર જિલ્લાના યતાયાતની સુવિધા સૌરાષ્ટ્રના લાખો મુસાફરોને મોટી રાહત મળશે.મહત્વનું છે કે, રાજકોટ-પોરબંદર-રાજકોટ વાયા જેતલસર જંક્શન રેલવે રૂટની એમ બે ટ્રેનો મંજૂર થઈ છે. જેમાંથી એક ટ્રેન ડેઈલી ચાલશે જ્યારે અન્ય એક ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ આ રૂટ પર દોડશે. જેનો પ્રારંભ ૧૪મીએ થશે અને આ ટ્રેનને લીલી ઝંડી આપી કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા આપશે તેમજ રાજ્ય કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ સાંસદ સભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરિયા સહિત વિવિધ વિસ્તારના ધારાસભ્ય સહિતના અગ્રણીઓ નવા રૂટની ટ્રેનમાં મુસાફરી પણ કરશે.

આ રૂટ ટ્રેન થકી સૌરાષ્ટ્રમાં રેલ સેવામાં વધારો એટલે આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવાનો અને આ વિસ્તારમાં કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાનો છે. રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનું જીવન આસાન થશે સાથે જ વ્યાપાર, વાણિજય અને પ્રવાસનને પણ ખૂબ મોટી ગતિ મળશે. લોકો માટે આગમન સુગમ અને સુવિધાયુક્ત બનશે તથા વિકસિત ભારતની સાથે જ વિકસિત રાજકોટ, વિકસિત પોરબંદર, વિકસિત દ્વારકા અને વિકસિત જામનગરનું સ્વપ્ન સાકાર થશે. જ્યારે દશકોથી જે સુવિધાની માંગણી પડતર હતી તેનો લાભ હવે સ્થાનિક નાગરિકોને મળશે.

### અમદાવાદમાં શરમજનક ઘટના

# ડિલિવરી બોયે ૧૩ વર્ષીય સગીરાને ફસાવી આચર્યું દુષ્કર્મ

**પરિવારે ફરિયાદ નોંધાવતા જ આરોપી ઉજ્જૈન ભાગી ગયો હતો, જેને પરત ફરતા જ ચાંદખેડા પોલીસે દબોચી લીધો છે**

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરમાં ફરી એકવાર સગીરાની સુરક્ષા પર સવાલ ઉઠાવતી ઘટના સામે આવી છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષીય સગીરા પર ડિલિવરી બોયે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. પરિવારે ફરિયાદ નોંધાવતા જ આરોપી ઉજ્જૈન ભાગી ગયો હતો, જેને પરત ફરતા જ ચાંદખેડા પોલીસે દબોચી લીધો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જય પરમાર નામનો આરોપી ડિલિવરી બોય તરીકે કામ કરે છે અને અવારનવાર સગીરાની સોસાયટીમાં ડિલિવરી આપવા માટે આવતો હતો. આ દરમિયાન તેની નજર સગીરા પર પડી હતી.આરોપી જય પરમારે સગીરાનો સંપર્ક કરવા માટે એક કાગળમાં પોતાનો મોબાઈલ નંબર લખીને આપ્યો હતો. ત્યારબાદ સગીરા અને આરોપી સોશિયલ મીડિયા દ્વારા એકબીજાના સંપર્કમાં આવ્યા અને વાતચીત કરવા લાગ્યા હતા.

એક દિવસ સગીરા ઘરેથી કોઈક બહાનું કાઢીને આરોપી જયને મળવા માટે જતી રહી હતી. આરોપી સગીરાને રિક્ષામાં બેસાડી મહેમદપુર વિસ્તારમાં લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

ઘટના બાદ સગીરાએ હિંમતભેર સમગ્ર હકીકત પોતાના પરિવારજનોને જણાવી હતી. આ સાંભળીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેઓ તાત્કાલિક ચાંદખેડા પોલીસ સ્ટેશન પહોંચ્યા અને આરોપી જય પરમાર વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ફરિયાદની ગંધ આવી જતાં આરોપી જય અમદાવાદ છોડીને ઉજ્જૈન ભાગી ગયો હતો. જોકે, ચાંદખેડા પોલીસે તપાસના ચક્રો ગતિમાન રાખ્યા હતા. જેવો આરોપી ઉજ્જૈનથી પરત ફર્યો, પોલીસે તેની તાત્કાલિક ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રત્નકલાકાર બન્યો ડ્રગ્સ પેડલર, ૫૦૦૦ના MD ડ્રગ્સ સાથે ઝડપાયો

**પોલીસે આરોપી પાસેથી આશરે ૫,૦૦૦ રૂપિયાની કિંમતનું MD (મેફેડ્રોન) ડ્રગ્સ જપ્ત કર્યું છે**

સુરત, તા.૧૧

હીરા ઉદ્યોગમાં મંદીની ગંભીર અસર માત્ર આર્થિક જ નહીં, પણ સામાજિક સ્તરે પણ જોવા મળી રહી છે. સુરતમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં હીરામાં મંદીના કારણે નોકરી ગુમાવનાર એક રત્નકલાકારે પૈસા કમાવવા માટે ડ્રગ્સ પેડલરનો રસ્તો અપનાવ્યો હતો.સુરતની કાપોદ્રા પોલીસે ચોક્કસ માહિતીના આધારે કાર્યવાહી કરીને આરોપી શૈલેષ વાલજીભાઈ સાકરીયાને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી આશરે ૫,૦૦૦ રૂપિયાની કિંમતનું MD (મેફેડ્રોન) ડ્રગ્સ જપ્ત કર્યું છે.

પોલીસ પૂછપરછમાં સામે આવ્યું કે આરોપી શૈલેષ સાકરીયા અગાઉ રત્નકલાકાર તરીકે કામ કરતો હતો.

પરંતુ, હીરા ઉદ્યોગમાં આવેલી ભારે મંદીના કારણે તેની નોકરી છૂટી ગઈ હતી. નોકરી છૂટ્યા બાદ તેને જુગાર રમવાની લત પણ લાગી હતી, જેના કારણે તે દેવામાં ડૂબી ગયો હતો. ટૂંકા ગાળામાં પૈસા કમાવવાના લોભમાં તે ડ્રગ્સના છૂટક વેચાણ તરફ વળ્યો હતો.

આરોપી MD ડ્રગ્સનો આ જથ્થો છૂટક વેચાણ કરવાના ઈરાદે કીમ ચોકડી પરથી કાદીર સલીમ પઠાણ નામના ઈસમ પાસેથી લાવ્યો હતો, ત્યારે જ તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. કાપોદ્રા પોલીસે આરોપી શૈલેષ સાકરીયા વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હવે તેને ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સપ્લાયર કાદીર સલીમ પઠાણને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા બેરોજગાર યુવાનોને ગેરકાયદે પ્રવૃત્તિઓથી દૂર રહેવા માટે ચેતવણીરૂપ છે.

### કમિશન મેળવી બેંક એકાઉન્ટ ભાડે આપતા

# સાયબર ફ્રોડ કરતી ગેંગના ૬ આરોપીઓ ઝડપાયા

**પોલીસે ક્રિષ્ણામતી ચૌધરી, મહેશ ચૌધરી, સલીમ શેખ, ત્રિજુગીલાલ કુર્મી, રાજેશ સરોજ અને માદુફોર સ્ટીવ ઉઝાચીની ધરપકડ કરી છે**

અમદાવાદ, તા.૧૧

સાયબર ક્રાઈમબ્રાન્ચે નાઈઝીરીયન ગેંગના ૬ આરોપીઓની ધરપકડ કરી છે. ગેંગના કેટલાક આરોપીઓ જરૂરિયાતમંદ લોકોને રૂપિયા કમાવવાની લાલચ આપીને તેમના બેંક એકાઉન્ટ ભાડે લેતા અને બાદમાં સાયબર ક્રાઈમ કરીને રૂપિયા જમા કરાવવા માટે તેમના એકાઉન્ટનો ઉપયોગ કરતા હતા. તો બીજી તરફ કેટલાક લોકોએ આ રીતે બેંક એકાઉન્ટ ખોલાવીને ભાડે આપી કમિશન મેળવવાનો ધંધો શરૂ કરી દીધો હોય તેમ લાગી રહ્યું છે. સાયબર ક્રાઈમે આવા અનેક બેંક એકાઉન્ટ મળી આવ્યાં છે.

સાયબર ક્રાઈમે બેંગ્લોર અને મુંબઈથી નાઈઝીરીયન ગેંગના ૬ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ક્રિષ્ણામતી ચૌધરી, મહેશ ચૌધરી, સલીમ શેખ, ત્રિજુગીલાલ કુર્મી, રાજેશ સરોજ અને માદુફોર સ્ટીવ ઉઝાચીની ધરપકડ કરી છે. આરોપીઓ ઓનલાઈન માધ્યમથી કોઈપણ વેપારીનો સંપર્ક કરીને તેમને ઓછા ભાવે કેમિકલ ખરીદીને દક્ષિણ આફ્રિકામાં વધુ કિંમતે વેચી આપવાની લાલચ આપીને તેમની પાસેથી રૂપિયા પડાવતા હતા. અમદાવાદમાં પણ તેમણે એક વેપારી પાસેથી છેતરપિંડી કરીને રૂપિયા ૩૨ લાખ ૭૨ હજાર પડાવ્યા હતા. જેમાંથી રૂપિયા ૫ લાખ ૫૨ હજાર ક્રિષ્ણામતીના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ક્રિષ્ણામતી, મહેશ અને તેમનો જમાઈ ત્રણેય ભેગા મળીને જુદા જુદા એન્ટરપ્રાઈઝના નામે બેંક એકાઉન્ટ ખોલાવતા હતા અને ત્યારબાદ સાયબર ક્રાઈમ કરતા ગઠિયાઓને ફ્રોડના રૂપિયા જમા કરાવવા ભાડે આપતા હતા. જેના બદલામાં તેઓને અત્યાર સુધીમાં ૬થી ૭ લાખ જેટલું કમિશન મળ્યું છે.

જ્યારે આરોપી ત્રિજુગીલાલ કુર્મી અને રાજેશ સરોજ બંન્ને સલીમ શેખ માટે કામ કરતા હતા. બંન્ને આરોપીઓ સલીમના કહેવાથી જે તે એકાઉન્ટ ધારકના ખાતામાંથી રૂપિયા ઉપાડીને સલીમ સુધી પહોંચાડવાનું કામ કરતા હતા. સલીમ પોતાનું, સહ આરોપીઓનું અને એકાઉન્ટ હોલ્ડરનું ૧૦ ટકા કમિશન મેળવી બાકીના નાણા મુખ્ય નાઈઝીરીયન આરોપીને મોકલી આપતા હતા. સલીમ શેખ, ત્રિજુગીલાલ કુર્મી, અને રાજેશ કુમાર સરોજ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી હોવાથી ઉત્તરપ્રદેશ, બિહાર અને નેપાળ ખાતેથી અલગ અલગ વ્યક્તિઓને બોલાવી તેમની પાસેથી જુદી જુદી ફર્મ ખોલાવીને એક ફર્મના નામે જુદી જુદી બેંકોમાં ૧૨થી ૧૫ એકાઉન્ટ ખોલાવતા હતા. આરોપી સલીમ શેખ દુબઈમાં પણ ગેમિંગ અને બેટિંગ એપ્લીકેશન માટે બેંક એકાઉન્ટ આપતો હોવાનું તપાસ દરમિયાન જાણવા મળ્યું છે.

આરોપી માદુફોર સ્ટીવ ઉઝોચી મૂળ નાઈઝીરીયાનો છે. જે નાઈઝીરીયન આરોપીઓ સાથે સંપર્કમાં રહેતો હતો અને સલીમ શેખ મારફતે જે પણ રૂપિયા મળતા હતા. તેમાંથી ૨૫ ટકા કમિશન મેળવીને રૂપિયા ક્રિપ્ટો કરન્સી કે અન્ય રીતે નાઈઝીરીયા મોકલી આપતો હતો. જે ગેરકાયદે રીતે ખોટા વીઝા બનાવડાવીને તેના આધારે મુંબઈમાં રહેતો હતો. સાયબર ક્રાઈમને એક જ ફર્મના નામે અલગ અલગ બેંક એકાઉન્ટ શરૂ કરાવ્યા હોય તેવા અનેક એકાઉન્ટની વિગતો મળી આવી છે. સાયબર ક્રાઈમબ્રાન્ચ દ્વારા આવા ૬૮ જેટલા બેંક એકાઉન્ટની વિગત મેળવી તપાસ શરૂ કરી છે.પકડાયેલ આરોપીઓ પાસેથી પોલીસે ૩૩ ડેબિટ કાર્ડ, ૧૪ મોબાઈલ ફોન, ૭ સીમકાર્ડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. ક્રિષ્ણામતી ચૌધરીના બેંક એકાઉન્ટમાં અત્યાર સુધી દોઢેક વર્ષમાં રૂપિયા સાડા પાંચ કરોડ જેટલી રકમ જમા થઈ હોવાની પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

### દિલ્હી બ્લાસ્ટના પડઘા

# રાજયભરમાં ઠેર-ઠેર નાકાબંધી અને સઘન ચેકિંગ

**દિલ્હી બ્લાસ્ટની ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, સુપ્રસિદ્ધ દ્વારકા જગત મંદિરમાં પણ સુરક્ષા વ્યવસ્થા અત્યંત ચુસ્ત કરી દેવામાં આવી છે**

અમદાવાદ, તા.૧૧

દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે સોમવારે સાંજે એક કારમાં થયેલા બ્લાસ્ટની ઘટનાને પગલે સમગ્ર ગુજરાત રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા (DGP) વિકાસ સહાયે તાત્કાલિક અસરથી રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા અને તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા માટે આદેશો જારી કર્યા છે.આ એલર્ટના પગલે રાજ્યના તમામ શહેરો અને જિલ્લાઓમાં ભીડભાડવાળા વિસ્તારો જેવા કે રેલવે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેશન, મોલ, એરપોર્ટ અને અન્ય જાહેર સ્થળોએ પોલીસ દ્વારા ખાસ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રાજયભરમાં ધાર્મિક સ્થળો, ખાસ કરીને મોટા મંદિરો પર સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે.

દિલ્હી બ્લાસ્ટની ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, સુપ્રસિદ્ધ દ્વારકા જગત મંદિરમાં પણ સુરક્ષા વ્યવસ્થા અત્યંત ચુસ્ત કરી દેવામાં આવી છે. ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે આવતા તમામ ભક્તોને સઘન ચેકિંગ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ જ મંદિર પરિસરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.રાજ્ય પોલીસ વડાએ તમામ જિલ્લા પોલીસ વડા, કમિશનર અને રેન્જ આઈજીને પોતપોતાના વિસ્તારોમાં સક્રિય રહેવા અને હોટલો, ગેસ્ટ હાઉસ તથા શંકાસ્પદ વાહનોની ઝીણવટભરી તપાસ કરવા માટે તાકીદ કરી છે.

ગુજરાતમાં પ્રવેશવાના અને બહાર જવાના મુખ્ય માર્ગો પર પોલીસે નાકાબંધી કરી છે.જિલ્લા પોલીસની LCB, SOG, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વૉડ અને સ્નિફર ડૉગ સ્ક્વૉડ સહિતની વિશેષ ટીમો વિવિધ મહત્ત્વપૂર્ણ સ્થળો પર સઘન ચેકિંગ સાથે સતત પેટ્રોલિંગ કરી રહી છે. પોલીસને એરપોર્ટ અને રેલવે સ્ટેશનો પર પણ વિશેષ નજર રાખવા અને કામગીરીનો રિપોર્ટ આપવા સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ ગુજરાત ATS દ્વારા ત્રણ આતંકીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા, જેમણે પૂછપરછ દરમિયાન દિલ્હીમાં પણ રેકી કરી હોવાની કબૂલાત કરી હતી. આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને, ATSના અધિકારીઓએ દિલ્હી કાર બ્લાસ્ટના મોડ્યુલ અંગે પણ માહિતી એકત્ર કરવાનું શરૂ કરી દીધું છે, જેથી આ ઘટનાના તાર ગુજરાત સાથે જોડાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ આગળ વધારી શકાય.

### ગુજરાત સરકારે સ્કૂલોના

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટેની કરિયર કોર્નર યોજના બંધ કરી

**શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સપ્તાહમાં નિશ્ચિત દિવસે-પીરિયડમાં કરિયરનું માર્ગદર્શન અપાતુ હતુ**

અમદાવાદ, તા.૧૧

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રાજ્યની સ્કૂલો-કોલેજોના વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ કયા ક્ષેત્રમાં કરિયર બનાવવુ તેનું માર્ગદર્શન આપવા માટે કેમ્પસ કોર્નર ચલાવવામા આવતા હતા. પરંતુ આ યોજના અંતે બંધ કરી દેવામા આવી છે. કારણકે આજના ઈન્ટરનેટના યુગમાં વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા કલાસરૂમમાં અપાતા કરિયર અંગેના માર્ગદર્શનને લઈને સરકારને કોઈ વધુ ઉપયોગીતા ન દેખાતી હોવાથી યોજના બંધ કરી દેવાઈ છે. રાજ્યની સ્કૂલોમાં ૧૦૭૫ અને સ્કૂલોમાં ૨૯૫ કરિયર કોર્નર ચાલતા હતા.રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તમામ જિલ્લાના મદદનીશ નિયામક (રોજકાર) કચેરીને પરિપત્ર કરીને શાળા-કોલેજોમાં ચાલતા કરિયર કોર્નર બંધ કરવા માટે સૂચના અપાઈ છે. વિદ્યાર્થીઓને વ્યવસાય માર્ગદર્શન માટે કરિયર કોર્નર પ્રવૃત્તિ કરવામા આવતી હતી. જેમાં અમદાવાદમાં ૨૦૦ જેટલા કરિયર કોર્નર વર્ગો સહિત રાજ્યભરની સ્કૂલો-કોલેજમાં વર્ષો પહેલા બે હજાર જેટલા કરિયર કોર્નર ચાલતા હતા ત્યારબાદ ઘટીને ૧૪૦૦ જેટલા થયા હતા. સરકારના ઠરાવને પગલે અમદાવાદની મદદનીશ નિયામક (રોજગાર) કચેરી દ્વારા શહેર ડીઈઓ અને ગ્રામ્ય ડીઈઓને જે સ્કલોમાં કરિયર કોર્નર ચાલતા હતા તે સ્કૂલોનું લિસ્ટ મોકલીને યોજના બંધ કરવા બાબતે જાણ કરાઈ છે. ઉપરાંત ૨૦૨૫-૨૬ના કરિયર કોર્નર વર્ગના માસિક પત્રકોનું બાકી ચુકવણુંચુકવવામા આવશે તેમ પણ જણાવાયું છે. જ્યાં એક બાજુ સ્કીલ આધારિત શિક્ષણની વાતો થઈ રહી છે, ત્યારે બાળકો-વાલીઓને કરિયરને લઈને મુંઝવતા પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન મળે તે જરૂરી છે પરંતુ હવે સ્કૂલોમાં ચાલતા કરિયર માર્ગદર્શનના વર્ગો બંધ કરતા આ યોજના પાછળનું બજેટ ક્યા વપરાશે તે પણ પ્રશ્ન છે. બીજી બાજુ આ યોજના બંધ થતા કોંગ્રેસ દ્વારા આ મુદ્દે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે અને ફરિયાદ ઉઠાવાઈ છે કે કરિયર કોર્નરને તાળા મારવાનું પાપ ભાજપ સરકારે કર્યુ છે. આ અવિચારી નિર્ણય તાત્કાલીક પરત ખેંચવો જોઈએ.શિક્ષકોને એક પીરિયડના ૨૫ રૂપિયા અપાતા હતાશિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સપ્તાહમાં નિશ્ચિત દિવસે-પીરિયડમાં કરિયરનું માર્ગદર્શન અપાતુ હતુ. એક પીરિયડના ૨૫ રૂપિયા હતા. પરંતુ મહિને માંડ ૧૦૦ રૂપિયા અને વર્ષે ૮૦૦ રૂપિયાની આસપાસ મહેનતાણું હોવાથી તેમજ આટલા મહેનાતણા માટે સ્કૂલોના આચાર્યના સહિ-સિક્કા સાથેના પત્રકો ભરીને સ્થાનિક રોજગાર કચેરી ખાતે મોકલવા સહિતની ઝંઝટ હતી. ઘણી સ્કૂલો મોકલતી પણ ન હતી. મહેનતાણું વધારવા અગાઉ અનેકવાર રજૂઆતો પણ થઈ હતી. પરંતુ હાલના ઈન્ટરનેટના યુગમાં શિક્ષકો દ્વારા કરિયર માર્ગદર્શન સરકારને સમય સાર્થક-ઉપયોગી લાગતુ ન હોવાથી મહેનતાણું વધારવાને બદલે આ આખી યોજના જ બંધ કરી દેવાઈ છે.

### મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમે રદ કર્યો

# DNA પરીક્ષણમાં વ્યક્તિની પ્રાઈવસી અને ગૌરવની સુરક્ષા અનિવાર્યઃ સુપ્રીમ કોર્ટ

**વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ ભલે ગમે તેટલી અદ્યતન હોય, તેને અટકળોનું શસ્ત્ર ના બનાવી શકાય : સુપ્રીમ કોર્ટ**

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે સોમવારે ડીએનએ પરીક્ષણ સંલગ્ન એક કેસમાં મહત્વની ટિપ્પણી કરતા કહ્યું કે, સામાન્ય કેસમાં ડીએનએ પરીક્ષણનો આદેશ ના આપી શકાય અને તે વ્યક્તિના ગૌરવનું રક્ષણ તથા લગ્ન દરમિયાન જન્મેલા બાળકની કાયદેસરતા માટે કડક સુરક્ષાને આધિન છે.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, ડીએનએ પરીક્ષણ એક વ્યક્તિની પ્રાઈવસી અને શારીરિક સ્વાયત્તામાં ગંભીર હસ્તક્ષેપ છે, અને તે બંધારણીય સુરક્ષાના ઉપાયોને આધિન હોવું જોઈએ. ન્યાયના હિતમાં અનિવાર્ય હોય તો જ ડીએનએ પરીક્ષણનો આદેશ આપી શકાય. સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને વિપુલ પંચોલીની બેન્ચે જણાવ્યું કે, ડીએનએ પરીક્ષણના આદેશમાં 'અત્યંત સાવધાની' રાખવી જોઈએ જેથી લગ્નજીવનની પવિત્રતા અને લગ્નથી જન્મેલા બાળકની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવી શકાય નહીં.તમિલનાડુ સ્થિત એક તબીબે મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકારતી એક અરજી દાખલ કરી હતી જેમાં સુપ્રીમ કોર્ટે આ મુજબ અવલોકન કર્યું હતું. ડોક્ટરે મદ્રાસ હાઈકોર્ટના એ ચુકાદાને પડકાર્યો હતો જેમાં તેને ડીએનએ પ્રોફાઈલિંગ માટે લોહીનો નમૂનો આપવા જણાવાયું હતું.આ સમગ્ર કેસ પટ્ટુકોટાઈની એક મુસ્લિમ મહિલાની ફરિયાદ સાથે સંકળાયેલો છે, જેણે આક્ષેપ કર્યો હતો કે તેના પતિની સારવાર દરમિયાન ડોક્ટરે તેની સાથે શારીરિક સંબંધ બનાવ્યો જેનાથી બાળક જન્મ્યું હતું. બાદમાં ડોક્ટરે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો. કોર્ટે ડોક્ટરના ડીએનએ ટેસ્ટનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને ફગાવતા કહ્યું કે, આ ચુકાદો કાયદાની જોગવાઈઓ અને બંધારણીય સુરક્ષાના ઉપાયોની મૂળભૂત ખોટી વ્યાખ્યા પર આધારિત હતો. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે, વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ ભલે ગમે તેટલી અદ્યતન હોય, તેને અટકળોનું શસ્ત્ર ના બનાવી શકાય.

### રાજ્યમાં બે દિવસ બેવડી ઋતુનો અનુભવ

# ઉત્તર પૂર્વના પવનો ફૂંકાતા તાપમાનમાં વધઘટ રહેશે

**લઘુતમ તાપમાન ૧૫થી ૧૬ અને મહત્તમ તાપમાન ૩૦થી ૩૨ ડિગ્રી સુધી**

અમદાવાદ, તા.૧૧

ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાની સીધી અસર હવે ગુજરાતના વાતાવરણ પર દેખાઈ રહી છે. રાજ્યભરમાં ઠંડીના ચમકારાની સત્તાવાર શરૂઆત થઈ ગઈ છે. ઉત્તર તરફથી ફૂંકાઈ રહેલા સૂકા અને ઠંડા પવનોના કારણે લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. હવામાન વિભાગે ઠંડીને લઈને આગાહી કરી છે. બે દિવસ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થશે. ત્યાર બાદ ઠંડીનો ચમકારો વધશે.હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે આગામી બે દિવસ બેવડી ઋતુનો અનુભવ થશે. ત્યાર બાદ ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધશે. ઉત્તર પૂર્વના પવનો ફૂંકાતા તાપમાનમાં વધઘટ જોવા મળશે. લઘુતમ તાપમાન ૧૫થી ૧૬ અને મહત્તમ તાપમાન ૩૦થી ૩૨ ડિગ્રી સુધી રહેશે. હાલમાં રાજ્યમાં વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બપોરે ગરમી પડતાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગના આંકડા અનુસાર, રાજ્યના લગભગ ૨૦ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયો છે, જે શિયાળાની ઋતુનું આગમન સૂચવે છે.હવામાન નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં આ ઉત્તરીય પવનોની ગતિ જળવાઈ રહેવાની શક્યતા છે, જેના કારણે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે અને રાજ્યભરમાં ઠંડીનું પ્રમાણ વધશે. લોકોએ સ્વાસ્થ્ય જાળવવા માટે સાવચેતી રાખવી જરૂરી છે.

# એએચપીનાં અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયાનાં હસ્તે ખેડુતોને મળી આર્થિક સહાય






અમરેલીઆંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય કિસાન પરીષદ રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયાના વરદહસ્તે કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકશાન માટે આર્થીક સહયોગ આપ્યો હતો લીમડીયા ગામ લીલીયા તાલુકાના આંબા ગામ સાજણટીબા ગામ અંટાળીયા ગામ વિગેરે ગામોમાં સુરત અમદાવાદમા વસતા દાતાઓનુ અનુદાન એકત્રિત કર્યુ હતુ ઉદારદિલ દાતા પરિવારોની ઉદાર સહાયનું આજે વિતરણ કરતા આંતરરાષ્ટ્રીય પરિષદના ડો પ્રવીણભાઈ તોગડીયા તેમજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો જી. જે. ગજેરા, ડો દેસાણી સૌરાષ્ટ્ર પ્રાંત ઈન્ડિયન હેલ્થ લાઈન પ્રમુખ રાષ્ટ્રીય કિસાન પરીષદ પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય છાત્ર પરીષદ પ્રાંત મંત્રી મજબૂતભાઈ બસીયા, સૌરાષ્ટ્ર પ્રાંત એડવોકેટ દડુભાઈ ખાચર, અમરેલી જિલ્લા પ્રમુખ જીલુભાઈ વાળા, રાષ્ટ્રીય બજરંગ દળ અધ્યક્ષ દિલીપભાઈ બામટા, કાર્યકારીપ્રમુખ જીજ્ઞેશભાઈ કયાડા, વિપુલભાઈ ગજેરા, બાલમુકુન્દભાઈ, રમેશભાઈ, ભડકોલીયા લીલીયા તાલુકાના પ્રમુખ રમેશભાઈ વેકરીયા, લીલીયા તાલુકાના મહામંત્રી રાજુભાઈ વિંછીયા, રાષ્ટ્રીય બજરંગદળ તાલુકા પ્રમુખ ઉપપ્રમુખ દાનાભાઈ હેલેયા વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અંટાળીયા ગામ પ્રેમસાહેબ બાપુ આશ્રમ ખાતે બેઠક યોજી પીડિત કિસાનોને આર્થિક સહાય અર્પણ કરાય હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## રહેણાંક ગલીઓથી લઈને હાઈ–વે

સુરક્ષા કે સુવિધા મળી શકતી નથી. તે હકીકત છે.

કોઈપણ વ્યકિત તેમના ઘરની બહાર નીકળે એટલે સૌપ્રથમ રખડુ શ્વાન, ગાય, શ્વાન, ગંદકી, બિસ્માર માર્ગ, વિકરાળ ટ્રાફિકનો સામનો કરવાનો અને જો કોઈ વ્યકિત સ્ટેટ કે નેશનલ હાઈ–વે ઉપરથી વાહનમાં પસાર થાય એટલે સતત અકસ્માતનો ભય સતાવે.

પ્રશ્નએ ઉપસ્થિત થાય છે કે જનતાજનાર્દન સરકારને લાખો કરોડો રૂપિયાનો કરવેરો ભરે છતાં પણ જવાબદાર સરકારી વિભાગો જનતાને સુરક્ષા અને સુવિધા કેમ આપતા નથી. અને જનતાનાં નાણાનું વળતર આપી શકાતું ન હોય તો સરકારે વિવિધ વિભાગોને ચલાવવાની જરૂર પણ શું છે.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાનાં કોટડાપીઠા અને વાવડા માર્ગ

સવાર વાવડા ગામના યુવકનું ઘટના સ્થળે મોત નિપજતા નાના એવા વાવડા ગામમાં ભારે અરેરાટી પ્રસરી ગઈ છે.

અકસ્માતની પ્રાથમિક વિગત અનુસાર વાવડા ગામના વિશાલભાઈ સાથી મિત્ર સાથે પોતાના ગામ વાવડા થી બાઈકમાં નીકળ્યા હતા અને અહીં કોટડાપીઠા માર્ગ વચ્ચે સામેથી આવતી બોલેરો પિકઅપ વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક હવાની જેમ ફંગોળાઈ જતા ગંભીર ઈજા થઈ હતી જેમાં વિશાળ ખીહડિયાનું ઘટના સ્થળે મોત નીપજયું હતું બનાવની જાણ થતાં સ્થાનિક ગામના લોકો અને બાબરા પોલીસ પણ આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્ત લોકોને જસદણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા અકસ્માત નો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## નાગરિક બેન્કનાં વિરૂધ્ધ ચેક રીટર્ન

હરજીવનભાઈ ચૌહાણ, રહે. ચકકરગઢ રોડ, બી.કે. ટાંકના ડેલા પાસે, રૂા. ૨,૦૦,૦૦૦/– (૪) દિલાવરભાઈ ફીરોજભાઈ મજેઠીયા, રહે. ખત્રીવાડ, જુમ્મા મસ્જીદ પાસે, અમરેલી રૂા. ૧,૦૦,૦૦૦/– (૫) મહેબુબ રહેમાન જીયુર રહેમાન કાદરી, રહે. કસ્બાવાડ, બાપુની હવેલી, અમરેલી, રૂા. ૯૭,૦૦૦/– (૬) નરેશભાઈ પાચાભાઈ સુસરા, રહે. પ્રતાપપરા, મુ. અમરેલી રૂા. ૧,૦૦,૦૦૦/–નો ચેક રીર્ટન થતા નામ, ચીફ કોર્ટમાં ફરિયાદ નોંધાવતા અન્ય હપ્તા કે વ્યાજ ભરવા કે સી.સી. રીન્યુ કરવામાં ઠાગાઠૈયા કરનાર લોન બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

બેંકની રીકવરીની કામગીરી અંગે દેખરેખ રાખનાર ડિરેકટર પી.પી. સોજીત્રાની યાદી જણાવે છે કે હજુ પણ ટુંક સમયમાં એવા સી.સી. ધારકો કે જેઓ લાંબા સમયથી સી.સી. રીન્યુ કરાવતા ન હોય કે વ્યાજ અને સ્ટોકપત્રક નિયમિત આપતા ન હોય તેઓની સામે કોઈપણની શેહશરમ વગર વસુલાત અંગેના સખ્ત પગલા ભરવામાં આવશે. જેની લોન બાકીદારો, ડીફોલ્ટરોએ નોંધ લેવી.

પાના ૮ ઉપરનું ચાલું
## ગૌવંશની કતલ આરોપીઓને આજીવન કેદ

કરવાના સાધનો અને ૪૦ કિલો ગૌમાંસ મળી આવેલ હતું. આ બનાવની તપાસ પી. એસ. આઈ. કે. એમ. પરમારએ કરેલ હતી.

આ અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા કેસમાં સ્પે.સરકારી વકીલ ચંદ્રેશ બી.મહેતાની ધારદાર દલીલો તથા રજુ કરેલ પુરાવાઓને આધારે સેશન્સ જજ રીજવાનાબેન બુખારી દ્વારા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫ નીચે આરોપી કાસીમભાઈ હાજીભાઈ સોલંકી, સતારભાઈ ઈસ્માઈલભાઈ સોલંકી તથા અકરમભાઈ હાજીભાઈ સોલંકી સહીત ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા અને દરેક આરોપીને રૂપિયા ૬,૦૮,૦૦૦ નો દંડની સજાનો હુકમ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાં

આવી છે. સૌરાષ્ટ્રના ધાર્મિક સ્થળો પર પણ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે.

જેના પગલે અમરેલી જિલ્લામાં ગઈકાલ મોડી રાતથી પોલીસ વડાની સૂચના હેઠળ જિલ્લાના દરિયાકાંઠાના રાજુલા, જાફરાબાદ, પીપાવાવ કોસ્ટલ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાંથી પસાર થતાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર પીપાવાવ મરીન પોલીસ દ્વારા ગઈકાલ રાતથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી અને પસાર થતાં તમામ વાહનની ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાહન ચાલકોના દસ્તાવેજો સહિતની ચકાસણી કરવામાં આવી રહી છે.

દિલ્હીની ઘટના બાદ અમરેલી જિલ્લાના પીપાવાવ મરીન પોલીસ, રાજુલા, જાફરાબાદ, નાગેશ્રી, બાબરા, અમરેલી તાલુકા, ધારી સહિતના તાલુકા મથકો અને હાઈવે પર પોલીસ પેટ્રોલિંગ વધારી દેવાયું છે. શંકાસ્પદ હિલચાલ અંગે સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

જો કે, અમરેલી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવના બને તે માટે પણ પોલીસે પેટ્રોલિંગ વધારી દેવામાં આવેલ હોય, જો કે જિલ્લામાં કોઈ શંકાસ્પદ હિલચાલ જોવા મળી ના હોય, જિલ્લા પોલીસ સતત એલર્ટ મોડ ઉપર રાખવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભાનાં ભાડા ગામે શ્રમિક મહિલા

૨૫ વર્ષીય પરિણીત ૧૦ના રોજ ૪ વાગ્યે વાડીમાં કામ કરતી હતી. ત્યારે અચાનક તેણીએ ઓઢેલી ચુંદડીનો છેડો થ્રેસરની પુલ્લીમાં આવી જતા તેણીનું માથું થ્રેસરની પુલ્લી સાથે અથડાઈ જતા તેણીને ગંભીર ઈજા થતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સાવરકુંડલા : નિવૃત ફૌજી અતુલભાઈ જાનીનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા તાલુકાનું ગૌરવ સમા ફૌજી અને સમાજ સેવક અતુલભાઈ જાનીનો આજે જન્મ દિવસ. સાવરકુંડલા શહેરના વતની અતુલભાઈ બળવંતરાય જાની જેઓ બોડર સિક્યુરિટી ફોર્સ બી.એસ.એફ. માં ૨૧ વર્ષો સુધી ભારત દેશની સરહદોની સેવા કરી ભારતના અલગ અલગ રાજયોમાં ફરજ બજાવી હાલ પોતાના વતન સાવરકુંડલામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ આર.એસ.એસ. માં સ્વયં સેવક તરીકે સેવા બજાવી રહ્યા છે અતુલ જાની સાવરકુંડલા તાલુકાના સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણી, માનવ મંદિર પાગલ આશ્રમના સેવક, શીવાજીનગર સ્વામી જાગૃત નાગરિક તેમજ માનવ સેવા, ગૌ સેવા અને વિવિધ સેવાકીય પ્રવુતિઓ અને ૨૪ કલાક લોક ઉપયોગી કાર્યો કરી રહ્યા છે સાવરકુંડલા શહેર અને તાલુકાની વિવિધ સામાજીક, શૈક્ષણિક



અને ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાઈ જવાબદારીઓ નિભાવી રહ્યા છે આજરોજ તારીખ ૧૨/૧૧ના રોજ નિવૃત ફૌજી અતુલભાઈ જાનીનો જન્મ દિવસ હોવાથી તેમનો મોબાઈલ નંબર ૯૪૦૮૨૨૮૬૫૦ પર સંતો, મહંતો, સામાજીક, રાજકીય અને બ્રહ્મ સમાજના અગ્રણીઓ ધરા અવતરણ દિવસની શુભકામના પાઠવી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનાં ધરાઈ ગામ

ગુલાબભાઈ જોષી, જીજ્ઞેષભાઈ જોષી, જયભાઈ ગુલાબભાઈ જોષી, કેતનભાઈ ભરતભાઈ જોષી તથા પપ્પુ ઉર્ફે બાલમુકુન્દભાઈ પ્રવીણભાઈ જોષી સહિતનાઓને સારૂ નહી લાગતા મુખ્યાજીને કહેલ કે તું શું કામ આવી જાહેરાત કરે છે? તેમ કહીને ગાળો આપી લાફા મારી ઢીકાપાટુનો મુંઢમાર મારી તથા આરોપીઓએ મુખ્યાજીના પત્નિ તથા દીકરા કુલદીપને ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

તો આજ બનાવમાં સમાપક્ષે મીતુલભાઈ જનકભાઈ જોષીએ પણ સામે પોલીસ ફરિયાદમાં જણાવેલ કે, ધરાઈ ગામે બાલમુકુન્દજીની હવેલીની ટ્રસ્ટની ઓફીસ સંભાળતા હોય જે ઓફીસ રોજ ખુલ્લી રાખતા હોય જે આ આરોપી જયેશભાઈ ઈરભાઈ જોષી, જયદિપભાઈ ઈરભાઈ જોષી, બીપીનભાઈ ઈરભાઈ જોષી, નિકુંજભાઈ બીપીનભાઈ જોષી, કિશોરભાઈ જોષી, મુકેશ ઉર્ફે મુન્નો ઈરલાલ જોષી સહિતનાઓને સારૂ નહી લાગતા ઓફીસ બંધ રાખવાનું કહી ગાળો આપી ઢીકાપાટુનો મુઢ માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં સામી ફરિયાદ નોંધાય છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં પોલીસ અને વન વિભાગ

તીખું પ્રશ્ન ઉઠાવ્યું છે.

વિડીયોમાં જોઈ શકાય છે કે પોલીસની ગાડી રસ્તાની બાજુમાં ઉભી છે અને અંદરથી કર્મચારીઓ સિંહોને નિહાળી રહ્યા છે. વન્યજીવન ક્ષેત્રમાં આ પ્રકારનું ગેરકાયદેસર પ્રવેશ અને સિંહ દર્શન નિયમ વિરૂદ્ધ ગણાય છે. સિંહોની સુરક્ષા અને માનવીય દખલ વચ્ચેનો સંતુલન જાળવવા માટે સરકાર તથા ફોરેસ્ટ વિભાગ અનેક નિયમો બનાવી ચૂક્યા છે, પરંતુ આવા કિસ્સાઓમાં જયારે જ તંત્રના જ લોકો નિયમ તોડે છે, ત્યારે નાગરિકોમાં અસંતોષ ફેલાય છે.

સ્થાનિક લોકોની માગ છે કે વન વિભાગ તાત્કાલિક આ મામલાની તપાસ કરે અને જો પોલીસ અથવા ફોરેસ્ટ સ્ટાફ તરફથી નિયમભંગ સાબિત થાય. તો સામાન્ય નાગરિકની જેમ જ કાર્યવાહી કરવામાં આવે. નહીંતર વન્યજીવન સુરક્ષા કાયદા માત્ર જનતા માટેના દંડના સાધન બની જશે. એવી ચિંતા લોકો વ્યકત કરી રહ્યા છે.

વન વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું છે કે, ''આ વીડિયો અમારી નોંધમાં આવ્યો છે. પ્રાથમિક તબક્કે તપાસ શરૂ કરી છે. જો કોઈ કર્મચારી દોષિત સાબિત થાય, તો કાયદેસર પગલા લેવામાં આવશે.''

આ વીડિયો ફરી એકવાર એ પ્રશ્ન ઉભો કરે છે– કાયદો સે માટે સમાન છે કે ખાખી વર્ધી માટે અલગ?

પાના ૮ ઉપરનું ચાલું
## મતદાન મથકો ઉપર BLO

voters.eci.gov.in.) પરથી અગાઉના સઘન સુધારણા કાર્યક્રમ–૨૦૦૨માં પોતાનું નામ ચકાસી શકશે. બુથ લેવલ અધિકારી દ્વારા તમામ મતદારોનાં ઘરે જઈને Enumeration Form આપશે તથા ફોર્મ ભરવા જરૂરી માર્ગદર્શન આપશે. આ અંગે જિલ્લા કક્ષાએ ૧૯૫૦ હેલ્પલાઈન નંબર કાર્યરત છે.

આગામી તા. ૧૫/૧૧/૨૫ નવેમ્બર, ૧૬/૧૧/૨૫ નવેમ્બરે, ૨૨/૧૧/૨૫ નવેમ્બર ૨૩/૧૧/૨૫ ૯:૦૦ થી ૧ : ૦૦ કલાક સુધી BLOના તેમના મતદાન મથક પર હાજર રહેવાના હોવાથી આ સમયગાળા દરમિયાન તમામ મતદારો BLOની મદદથી મેપિંગ/લિન્કિંગ કરાવી શકશે તથા ફોર્મ ભરવા માર્ગદર્શન મેળવી શકશે.

મતદારો BLOનો ફોનથી સંપર્ક કરવા માટે Vaters.eci.gov.in પરથી ''Book a call BLO''નો વિકલ્પ ઉપયોગ કરી શકાશે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## રાજુલા કન્યા શાળા નંબર –3 માં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો



રાજુલા, તા. ૧૧

સમગ્ર તાલુકામાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ અને નવીનતાનો વિકાસ થાય તે હેતુથી સમગ્ર શિક્ષા અંતર્ગત.બી. આર.સીભવન દ્વારા તાલુકા કક્ષા વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ વર્ષે મેળાનો વિષય હતો વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ, જેમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ક્ષેત્રે પોતાના વિચારો અને પ્રયોગો રજૂ કર્યા. મેળા માં કુલ ૩૮ શાળાઓના ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિવિધ વિષયોમાં જેમ કે પર્યાવરણ સંરક્ષણ, નવી ઉર્જા, કૃષિ ટેક્નોલોજી, રોબોટિક્સ, ડિજિટલ ઈનોવેશન વગેરે વિષયો પર પ્રદર્શનો તૈયાર કરવામાં આવ્યા.

મુખ્યાંતિથિ તરીકે માન.ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રતિનિધિ તરીકે તેમના પુત્ર ભાવેશભાઈ હીરાભાઈ સોલંકી તેમજ અને તેમની ટીમ સાથે ઉપસ્થિત રહેલ હતા ઉપરાંત ઉપપ્રમુખ જિલ્લા શિક્ષક સંઘ, અરશીભાઈ જાલંદ્રા( પ્રમોદભાઈ કાનપરીયા, (જિલ્લા ખચાનજી જિલ્લા શિક્ષક સંઘ, ક્રતિકભાઈ વ્યાસ, ઈન્ચાર્જ પ્રાચાર્ય ડાયટ, ટી.પી.ઓશ્રીના પ્રતિનિધિઅને કેની વહીવટ શ્રી મનીષભાઈ વાઘેલા,પંકજ ભાઈ હેલૈયા, (બી.આર.સીશ્રી રાજુલા), ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ સ્વાદિપ સંસ્થાના પ્રતિનિધિ રાજુભાઈ ચાવડા, ઈશાબેન દેસાઈ ઈજછ અલ્ટ્રાટેક કોવાયા(બંધ થતો મોટો કા!સ) ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓને આત્મનિર્ભર ભારત નિર્માણમાં જઝઉખ ક્ષેત્રની મહત્વની ભૂમિકા વિષે પ્રેરક માર્ગદર્શન આપ્યું.વિશેષે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ઈનામો એનાયત કરવામાં આવ્યા., જેમાં ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ સ્વાદિપ સંસ્થા દ્વારા દરેક ભાગ લેનાર દરેક બાળકો ને સાયન્સ કીટ આપવામાં આવેલ હતી.આયોજીત વિજ્ઞાન મેળાને શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલામાં ધોળે દિ'એ લુંટ

પડતર જગ્યાએ બાથરૂમ માટે ગયેલ હતા. તે વખતે શરીરે વાદળી તથા સફેદ ચોકડીવાળો શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ અને આશરે ત્રીસેક વર્ષની ઉંમરના અજાણ્યા વ્યકિતએ મહિલાના હાથમાં રહેલ પૈસા ભરેલ પાકીટની લુંટ કરવાની કોશીષ કરી હતી. તથા રંજનબેન દિનેશભાઈ ચૌહાણ તથા રેખાબેન ભુરાભાઈ સોલંકી (રહે. રાજુલા) સાથે પણ આવી રીતે પૈસા ભરેલ પાકીટની ધોળા દિવસે લુંટ કરવાની કોશીષ કરી તેનું મોટર સાયકલ લઈ નાસી જઈ ગુન્હો કાર્યની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૮ | ૧૨૨૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૮૭૫ | ૧૨૪૨ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૭૯ |
| ૪ | શિંગદાણા | ૯૭૦ | ૧૧૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૭૦ | ૨૭૪૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૫૪૦૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૯૦ | ૨૪૯૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૮૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૮ | ૫૮૬ |
| ૧૦ | અડદ | ૭૦૫ | ૧૨૫૧ |
| ૧૧ | ચણા | ૭૭૦ | ૧૧૩૬ |
| ૧૨ | સફેદ ચણા | ૯૦૫ | ૧૧૦૦ |
| ૧૩ | છોલે ચણા | ૧૧૫૫ | ૧૬૯૧ |
| ૧૪ | તુવેર | ૧૧૩૬ | ૧૩૦૦ |
| ૧૫ | કપાસ | ૮૫૦ | ૧૫૪૩ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૭ |
| ૧૭ | જીરૂ | ૩૫૫૨ | ૩૬૧૯ |
| ૧૮ | ધાણા | ૧૦૫૦ | ૧૩૬૫ |
| ૧૯ | અજમા | ૧૦૦૦ | ૧૩૮૫ |
| ૨૦ | મેથી | ૫૦૦ | ૭૭૫ |
| ૨૧ | સોયાબીન | ૭૫૫ | ૯૧૨ |
| ૨૨ | કાંગ | ૩૦૦ | ૫૪૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૫ | ૧૫૨૧ |
| ૨ | કપાસ "સી" ગ્રેડ | ૯૯૫ | ૯૯૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૫૦ | ૧૧૮૧ |
| ૨ | શીંગ મોટી | ૯૫૧ | ૧૨૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૯૦ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૫૩૦૦ |
| ૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૫૭૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૪ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૧ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૭૮ |
| ૧૦ | જુવાર | ૯૦૨ | – |
| ૧૧ | મકાઈ | ૪૮૨ | – |
| ૧૨ | અડદ | ૭૫૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૪ | તુવેર | ૯૫૧ | ૧૧૫૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૯૨૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૨૫ |
| ૩ | મગફળી | ૯૯૬ | ૧૨૩૪ |
| ૪ | તલ સફેદ | ૧૫૮૦ | ૨૨૯૦ |
| ૫ | તલ કાળા | ૩૨૨૦ | ૪૯૯૦ |
| ૬ | જીરૂ | ૩૩૬૫ | ૩૭૧૫ |
| ૭ | ઘઉં | ૪૫૯ | ૫૭૧ |
| ૮ | ચણા | ૯૭૯ | ૧૧૭૧ |
| ૯ | મગ | ૧૨૦ | ૧૫૦૦ |
| ૧૦ | અડદ | ૯૪૦ | ૧૨૩૦ |
| ૧૧ | સોયાબીન | ૭૮૯ | ૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| ૫ | ચણા સફેદ | ૧૦૪૫ | ૧૦૫૫ |
| ૬ | ધાણા | ૧૩૩૦ | ૧૪૬૫ |
| ૭ | તુવેર | ૯૯૦ | ૧૦૦૦ |
| ૮ | લસણ | ૩૦૦ | ૩૨૦ |
| ૯ | સોયાબીન | ૬૯૦ | ૯૦૦ |
| ૧૦ | તલ | ૧૫૨૫ | ૨૦૩૦ |
| ૧૧ | શીંગદાણા | ૮૮૦ | ૧૦૬૫ |
| ૧૨ | મગફળી | ૬૨૫ | ૯૨૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૪૯૦ |
| ૨ | કપાસ કોડી | ૮૦૩ | ૧૧૭૧ |
| ૩ | મગફળી | ૭૦૦ | ૧૨૦૫ |
| ૪ | સોયાબીન | ૭૭૪ | ૭૭૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૮ | ૧૫૨૬ |
| ૨ | કપાસ કોડી | ૭૦૦ | ૧૧૦૦ |
| ૩ | મગફળી | ૭૦૧ | ૧૧૦૦ |
| ૪ | ઘઉં | ૪૩૦ | ૫૫૫ |
| ૫ | ચણા | ૯૩૧ | ૧૦૪૬ |
| ૬ | મગ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૧૧૨૪ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૩ | તલ કાળા | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ૪ | કપાસ | ૭૦૦ | ૧૫૨૦ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૫૫૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૦ |
| ૭ | જુવાર | ૪૨૧ | ૯૫૦ |
| ૮ | મગ | ૧૦૩૦ | ૨૦૦૧ |
| ૯ | અડદ | ૮૪૦ | ૧૨૮૧ |
| ૧૦ | ચણા | ૯૮૦ | ૧૫૩૫ |
| ૧૧ | સોયાબીન | ૪૬૫ | ૮૮૦ |

### પ્રેમ લગ્ન કરવા બાબતે બઘડાટી

# બાબરામાં પતિ-પત્ની ઉપર ચિત્તલનાં રેલ્વે ફાટક નજીક હુમલો

**કરિયાણા ગામનાં ૨ વ્યકિતઓ વિરૂઘ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૧૧

બાબરા ગામે ધારપરા ભીમબાપુની પાટીમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા કલ્પેશભાઈ સુરેશભાઈ ડાભી નામના ૨૬ વર્ષીય યુવક તથા તેના પત્ની હેતલબેને આશરે ચારેક મહીના પહેલા લવ મેરેજ કરેલ હોય, જે બાબતેનું વેર રાખી બાબરાના કરિયાણા ગામે રહેતા અમનભાઈ મુકેશભાઈ સીતાપરા તથા જયદિપભાઈ સુરેશભાઈ સીતાપરા નામના આરોપીઓએ ગત તા. ૧૦ના આશરે સાડા ત્રણેક વાગ્યે ચિત્તલ ગામના ફાટક પહેલા જમણા હાથે કાંડા ઉપર તથા બન્ને પગ ઉપર લાકડી મારી ઈજા કરી જમણા હાથ કાંડાના ભાગે ફેકચર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### લીલીયાની શ્રી ક્રિષ્ના શરાફી મંડળીનાં બાકીદાર મુશ્કેલીમાં

# સાવરકુંડલા સેશન્સ કોર્ટ દ્વારા ચેક રીટર્ન કેસમાં આરોપીની સજા યથાવત

**એડવોકેટ અશોકભાઈ વાળાની દલીલો સફળ રહી**

લીલીયા, તા. ૧૧

લીલીયા શ્રી ક્રિષ્ના શરાફી અને કન્ઝયુમર્સ સહકારી મંડળી લી. માં લોન લઈ હપ્તા ન ભરતા સીરાજભાઈ રજાકભાઈ દલ રે. લીલીયા મોટા લોનના હપ્તા પેટે ચેક આપી ફરિયાદ દાખલ કરવામાં આવેલી હતી. લીલીયા કોર્ટ આરોપીને ગુનેગાર ઠરાવતા આરોપીએ સાવરકુંડલા કોર્ટમાં અપીલ કરેલ હતી. મંડલી વતી વકીલ અશોકભાઈ વાળાએ ધારદાર દલીલો રજુ કરતા લીલીયા કોર્ટના ચુકાદાને સાવરકુંડલા કોર્ટ માન્ય રાખી આરોપીની સજા યથાવત રાખવાનો હુકમ કરેલ છે.

### કૃષિ અને ખાતર ક્ષેત્રમાં બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા મળશે

# જોર્ડનનાં પ્રધાનમંત્રી જાફર હસન સાથે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**ભારત અને જોર્ડન વચ્ચે સહકારનાં ક્ષેત્રે નવી ઉંચાઈ જોવા મળશે**



અમરેલી, તા. ૧૧

ભારત-જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેની મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત, ઈફકો (IFFCO)ના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ જોર્ડનના પ્રધાનમંત્રી જાફર હસન સાથે અમાન ખાતે પ્રધાનમંત્રી નિવાસ ખાતે મુલાકાત કરી હતી.

આ સોહાર્દપૂર્ણ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ખાતર ઉદ્યોગના વિકાસ, નવીન ટેકનોલોજીનો ઉપયોગ, કૃષિ ઉત્પાદકતા વધારવા અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી.

પ્રધાનમંત્રી જાફર હસને ભારત-જોર્ડન વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોની પ્રશંસા કરતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં સહકાર બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા આપશે મ દિલીપ સંઘાણીએ જોર્ડન સરકારના સહયોગ અને સમર્થન માટે આભાર વ્યકત કરતાં કહ્યું કે ઈફકો અને જિફકો (IFFCO)ના સંયુકત પ્રયાસોથી આગામી સમયમાં ખાતર ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ થશે, જેનો સીધો લાભ બંને દેશોના ખેડૂતોને મળશે.

આ પ્રસંગે જિફકો (JIFCO)ના અધ્યક્ષ પ્રો. મહમ્મદ કે. થનૈબત, ઈફકો મેનેજિંગ ડિરેકટર કે.જે. પટેલ, ઉપ મેનેજિંગ ડિરેકટર રાકેશ કપૂર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી ૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બરનાં રોજ

# અમરેલી જિલ્લાનાં તમામ મતદાન મથકો ઉપર BLOની મદદથી મતદારો ફોર્મનુ મેપિંગ-લિંકીંગ કરાવી શકશે

**સવારે ૯ થી બપોરનાં ૧ કલાક સુધી BLO હાજર રહેશે**

અમરેલી, તા. ૧૧

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા. ૭/૧૦/૨૦૨૫ના પત્રથી તા. ૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે. જે તા. ૨૮/૧૦/૨૫થી શરૂ થઈ તા. ૭/૨/૨૦૨૬ સુધી જાહેર થયેલ છે.

અમરેલી જિલ્લાના તમામ મતદાન મથકોમાં સમાવિષ્ટ તમામ મતદારોની ખરાઈ તા. ૪/૧૧/૨૦૨૫થી બુથ લેવલ ઓફિસર દ્વાર શરૂ થઈ છે. સને-૨૦૦૨ની મતદારયાદીનાં સંદર્ભમાં થઈ રહેલા આ કાર્યક્રમમાં મતદારો (https://

અનુસંધાન પાના ૬ ઉપર

### હવેલીના રીનોવેશનને લઈને માથાકુટ

# બાબરાનાં ધરાઈ ગામે બાલમુકુન્દજી હવેલીમાં ભજન કીર્તન સમયે મારામારીની ઘટના

**પોલીસ બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૧

બાબરા તાલુકના ધરાઈ ગામે રહેતા જયેશભાઈ ઈરભાઈ જોષીનો ધરાઈ ગામે આવેલ બાલમુકુન્દજીની હવેલીમાં સેવાપુજા કરવાનો વારો હોય, અને આ બાલમુકુન્દજીની હવેલીમાં બહાર ગામથી વૈષ્ણવો તથા સેવકો આવેલ હોય અને ત્યાં ભજન કીર્તન ચાલુ હોય ત્યારે મુખ્યાજી જયેશભાઈએ માઈકમાં જાહેરાત કરેલ કે, હાલ બાલમુકુન્દજીની હવેલી બનાવવા માટે કોઈ આયોજન કરેલ નથી. હાલ હવેલી નવી બનાવવાની નથી. જેથી કોઈ વૈષ્ણવો કે સેવકોઓ કોઈને દાન કે ફાળો આપવો નહી. તેવી જાહેરાત કરતા તે જ ગામે રહેતા મીતુલભાઈ જોષી, કુલદીપભાઈ મીતુલભાઈ જોષી, વિરલભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ ચુકાદો આપતી સેશન્સ કોર્ટ

# અમરેલી : ગૌવંશની કતલ કરનાર ત્રણ આરોપીઓને આજીવન કેદ તથા રૂપિયા ૬,૦૮,૦૦૦નાં દંડની સજા

**સ્પેશીયલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી**

અમરેલી, તા. ૧૧

અમરેલીના બહારપરા વિસ્તારમાં આવેલ મોટા ખાટકીવાડ કોળીવાડના નાકે રહેતા અક્રમભાઈ હાજીભાઈ સોલંકી તેના રહેણાંક મકાને હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતીક એવી ગાયોના વાછરડા, વાછરડી કતલ કરવાના ઈરાદે જોર જુલમીથી પકડી લાવી ઘરે કતલ કરી અને તેનું ગૌમાસનું વેચાણ કરેલ છે. અને તેમાંથી નીકળતા લોહીનો બગાડ જાહેર ગટરમાં નાખી ઉપદ્રવ ફેલાવે છે. જે અંગેની બાતમીના આધારે ગત તા. ૬/૧૧/૨૩ ના રોજ વનરાજભાઈ માંજરિયાને બાતમી મળેલ હતી.

બાતમી વાળી જગ્યાએ પોલીસે દરોડો કરતા તે સ્થળેથી આરોપી કાસીમભાઈ હાજીભાઈ સોલંકી પકડાઈ ગયેલ હતા. તથા આરોપી સતારભાઈ ઈસ્માઈલભાઈ સોલંકી તથા આરોપી અકરમભાઈ હાજીભાઈ સોલંકી પોલીસને જોઈ નાશી ગયેલ હતા. બનાવ સ્થળે તપાસ કરતા રસોડામાં પશુના કતલ કરેલ હાલતમાં ટુકડા પડેલ હોય, તેમ જ પૂંછડી અને ચામડું તથા પગના કટકા પણ ત્યાં પડેલા હોય અને પ્લાસ્ટિકની ડોલમાં નીકળેલો બગાડ તથા ગૌવંશ કતલ

અનુસંધાન પાના ૬ ઉપર

# ચલાલા પોલીસે ધારીમાં થયેલ બે બાઈક ચોરીનાં આરોપીને ઝડપી લીધા



અમરેલી, તા. ૧૧

ચલાલા પોલીસ ઈન્સ જી.આર. વસૈયાના માર્ગદર્શન હેઠળ, ધારી એડી.ચીફ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા ચલાલા ગામે રહેતા આરોપી અમિતભાઈ વિજયભાઈ સોલંકી વિરૂઘ્ધ કોર્ટમાં ૧૧ કેસો પેન્ડીંગ હોય અને આરોપી વિરૂઘ્ધ પકડ વોરંટ ઈસ્યુ કરેલ હોય, જે કામે આરોપીને પડકવા માટે ટેકનીકલ સોર્સ આધારે આરોપી પકડી પાડી તેમની પુછપરછ કરતા પોતે તથા પોતાના મિત્ર અલ્પેશ મુકેશભાઈ સોલંકી (રહે. ચલાલા) એ અગાઉ ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે બાઈકોની ચોરી કરેલ હોવાની કબુલાત આપતા પોલીસને મોટર સાયકલ ચોરીના ગુન્હાને ડીટેકટ કરી ચોરીમાં ગયેલ બે મોટર સાયકલ રીકવર કરી ચલાલા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### સિંહ દર્શનનાં નિયમ માત્ર આમ જનતા માટે છે

# અમરેલી જિલ્લામાં પોલીસ અને વન વિભાગનો સિંહ દર્શનનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

**સમગ્ર વિડીયોની તટસ્થ તપાસ થાય તે જરૂરી**



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાના શેત્રુંજય રેન્જના ટીબી વિસ્તારની ફાચરિયા પાસેનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં જોરદાર ચર્ચાનો વિષય બન્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે કે પોલીસના એક વાહનમાંથી ખાખી વર્દીધારી કર્મચારીઓ અને ફોરેસ્ટ વિભાગના કેટલાક કર્મચારીઓ આરામથી ચારથી પાંચ સિંહોને નજીકથી નિહાળી રહ્યા છે. વીડિયો બનાવનાર સ્થાનિક લોકોએ આ દ્રશ્યો કેદ કર્યા છે અને હવે આ મુદ્દો ચર્ચાનો કેન્દ્ર બન્યો છે – કાયદો ખાખી વર્દી પર લાગુ પડે છે કે માત્ર સામાન્ય માણસ પર?

સ્થાનિક રહેવાસીઓનો આક્ષેપ છે કે જો કોઈ સામાન્ય નાગરિક આ રીતે સિંહ દર્શન કરતો હોય તો વન વિભાગ તરત દંડ ફટકારતો અને કાયદાકીય કાર્યવાહી કરતો. પરંતુ જયારે ખાખી વર્દીધારી કર્મચારીઓ જ આ નિયમનો ભંગ કરે છે, ત્યારે તંત્ર આંખ આડા કાન કરે છે. એવું લોકોએ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમદાવાદ સાહિત્યની પર્વ આયોજિત કાર્યક્રમમાં

# અમરેલીનાં સાહિત્યકાર ડો. રાઘવજી માધડનું વિશેષ સન્માન કરવામાં આવ્યું

**સુપ્રસિઘ્ધ કવિઓ ઉપસ્થિત રહયા**



અમરેલી, તા. ૧૧

સાંદીપનિ સાહિત્ય પર્વ અમદાવાદ સાહિત્ય સંસ્થા દ્વારા ગત તારીખ ૯ રવિવારના રોજ અમદાવાદ ખાતર 'ડો. રાઘવજી માધડ વાર્તાલરખન પરિસંવાદનુ સફળ અનર સાર્થક સાહિત્યિક ઉપક્રમ સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમમાં સુપ્રસિઘ્ધ સાહિત્યકાર જ્ઞાનપીઠ એવોર્ડ વિજરતા સર્જક પદ્મ રઘુવીર ચૌધરીની વિશેષ ઉપસ્થિતિ સાથે પ્રસિઘ્ધ કવિ માધવ રામાનુજ, ગુજરાત સાહિત્ય અકાદમીના અદયક્ષ ડો. ભાગ્યરશ જહા, અને મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, વાર્તાકાર ડો. રાઘવજી માધડ, દીવાન ઠાકોર, સુ દરવાંગી ભટ્ટ, ડો. પ્રશાંત ભીમાણી, અમૃત બન્ટાઈવાળા, સુરરના સુથાર, અને કે.આર.ચૌધરીએ વાર્તાલેખન વિષર એમનાં વકતવ્યો રજૂ કર્યા.

આ કાર્યક્રમમાં મૂર્ધન્ય સાહિત્યકાર રઘુવીર ચૌધરી, અને માધવ રામાનુજના હસ્તર અમરેલીના વતની વાર્તાકાર, નવલકથાકાર રાઘવજી માધડનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જાણીતા કવિ કૃષ્ણ દવે સહિત અગ્રણી સર્જકો ભાવકો ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કર્યા હતા. સાહિત્ય સર્જન ક્ષેત્રે આગળ વધવા માટે નવોદિત સાહિત્યકારોને અનુભવી અને ખ્યાતનામ સાહિત્યકારો પાસેથી યોગ્ય માર્ગદર્શન મળી રહેએ હેતુથી 'સાંદીપની સાહિત્ય પર્વ સાહિત્યગોષ્ઠિ, વાર્તાલાપ અને પરિસંવાદનું આયોજન કરતું રહે છે. એ શૃંખલાનો આ ત્રીજો કાર્યક્રમ હતો. જેમાં ડો. હર્ષદ લશ્કરી, કિરણ શર્મા, અમિત ટેલર, જગદીશ રથવી, શીતલ માલાણી, ભારતી ભંડેરી, પરિન દવે, ચેતના ભાટિયા, હાર્દિક પરમાર, હર્ષિલ પટેલ, વિજય પરમાર વગેરેએ સુચારૂ આયોજન કર્યુ હતું. આ પરિસંવાદમાં વાર્તાના મૂળભૂત તત્વો, વાર્તા કયાંથી અને કરવી રીતે નીપજે છે. તથા વાર્તા કયાં નબળી પડે છે. જેવી બાબતો પર ૧૭૦થી વધુ વાર્તાલેખનમાં રસ ધરાવતા નવોદિતોને યોગ્ય માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

વેચવાનું છે... વેચવાનું છે... વેચવાનું છે...
ફર્નિચર... શૂટ... શેરવાની..
★ કાચના ટોપવાળા કાઉન્ટર-૨,
★ કાચના સેલ્ફવાળા ઘોડા-૨ ★ કાઉન્ટર થડા માટેના ટેબલ-૨
★ શૂટ-શેરવાની પેર-૫૦ ઉપરોકત તમામ વસ્તુઓ વ્યાજબી ભાવથી વેચવાની છે..
મહેતા કોમ્પ્યુટર
બાલાજી કોમ્પ્લેક્ષ, I.C.I.C બેંક પાસે, ભાવનગર રોડ, મુ.બાબરા, જિ.અમરેલી
મો.94275 55038 / 79842 11477

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,13,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)